Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૨૩ ● તા. ૨ થી ૮ જુન ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ દ્વારા શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના ઉપક્રમે

### દાતાશ્રી ભુપેન્દ્રભાઈ મુરજી દંડ (ભુમિરાજ ગ્રુપ)ના સહયોગે...

### તા.૨૦-૫-૧૨ના સાંજે ષન્મુખાનંદ હોલમાં જ્ઞાતિ કલાકારો અને કલા નિષ્ણાંતો દ્વારા યોજાયેલ "સાઉન્ડ ઓફ મ્યુઝિક-ગીત ગાતા ચલ..." સંગીત અને સુસ્વાસ્થ્ય કાર્યક્રમની ઝલક



કાર્યક્રમના સહયોગી દાતા **શ્રી ભુપેન્દ્રભાઈ મુરજી દંડ** અને **સૌ. અનુપમાબેન ભુપેન્દ્ર દંડ (ભુમીરાજ ગ્રુપ)** (લાખાણીયા-નવીમુંબઈ)નું મંચ પર સન્માન કરતાં સ્મૃતિચિન્હ આપતા પ્રમુખ **શ્રી નયન ભેદા** અને **સૌ. એકતા નયન ભેદા**



પાલીતાણા તીર્થે અજિત-શાંતિ પુન:પ્રતિષ્ઠાના લાભાર્થી **માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર**ના શ્રી હિતેશ મોતાનું સન્માન કરતાં મહાજન પ્રમુખશ્રી અને પંચવર્ષીય કાર્યક્રમના દાતાશ્રીઓ શ્રી ભૂપેન્દ્ર દંડ, શ્રી રાયચંદ ધરમશી, શ્રી શીવજી કુંવરજી, શ્રી લક્ષ્મીચંદ મોતા, શ્રી સંજય ધરમશી, શ્રી જયેશ જૈન, શ્રી પારસ મૈશેરી, શ્રી ભદ્રેશ પટેલ અને સૌ. તેજલબેન લોડાયા...



મુંબઈ મહાજન દ્વારા શ્રી હિતેશભાઈ મોતા અને ભુપેન્દ્રભાઈ દંડનું સન્માન કરાયું. શ્રી ભુપેન્દ્રભાઈએ પ્લેટીનમ દાતામાંથી **યુરેનીયમ** દાતાના યોગદાનની ઘોષણા કરી. આ બન્ને મહાનુભાવોની જ્ઞાતિપ્રત્યેની વિશિષ્ટ સેવાને અનુલક્ષીને ભરચક ષન્મુખાનંદ હોલમાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ ઉભા થઈ માનવંદના, અભિવાદન અને અનુમોદના કરી હતી એ ભાવવાહી સલામીનું દૃશ્ય.



પંચવર્ષીય કાર્યક્રમના દાતાઓની શ્રેણીમાં રૂા.સવા લાખના દાતાની નવી બ્રોંઝ શ્રેણી જાહેર કરાઈ જેમાં સૌ પ્રથમ જોડનારા વ્ય. સમિતિના સભ્ય અને સમુહ લગ્ન સમિતિના કન્વીનર શ્રી રાહુલ ધુલ્લા (મુલુંડ)ને તથા કાર્યક્રમ આયોજન માટે માનદ સેવા આપનાર શ્રી જયંતીભાઈ ગોસરનું બહુમાન કરતા ટ્રસ્ટના ચેરમેન શ્રી પારસ મૈશેરી, કન્વીનર શ્રી મનીષ ડાગા, મુલચંદ મોતા, રાયચંદ લોડાયા, હરીશ સાયલા અને ડે. કુરૂવા.

# મુંબઈ મહાજનશ્રી દ્વારા શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમની ઝલક



પ્રમુખશ્રી નયનભાઈ અને ઉપપ્રમુખ શ્રી પારસ મૈશેરી ખુશખુશાલ ક્ષણોમાં



દિપ પ્રાકટ્ય કરતાં સર્વશ્રી હીતેશ મોતા, ભુપેન્દ્ર દંડ અને નયન ભેદા



પ્રારંભે માંગલિક ફરમાવતા યતી શ્રી મોનીસાગરજી મ.સા.



"સંગીતથી સુસ્વાસ્થ્ય" રસપ્રદ કાર્યક્રમ માણતા જ્ઞાતિજનો



પદ્મશ્રી આણંદજીભાઈનું સન્માન કરતાં શ્રી ભુપેન્દ્રભાઈ દંડ અને પ્રમુખશ્રી



શ્રી આણંદજીભાઈનું બહુમાન કરતાં શ્રી નયન ભેદા



બાલ કલાકાર કુ. હેનાલી ધરમશીને પ્રોત્સાહિત કરતા શ્રી જયંતી ગોસર



જ્ઞાતિજનોને આવકારતા અને ટ્રસ્ટ વિષે માહિતા આપતા શ્રી પારસ મૈશેરી



કાર્યક્રમ સંચાલક શ્રી વૈભવ મોતાનું અભિવાદન કરતાં શ્રી ચેતન મોતા



કન્વીનર શ્રી મનીષ ડાગાનું સન્માન કરતાં ઉપપ્રમુખ શ્રી સંજય અજાણી



દાન ગંગા વહેડાવી ખુશી અને સંતોષ અનુભવતા દાતાશ્રીઓ



લકી ડ્રૉ કાઢતા નયન ભેદા, ચેતન મોતા, સજુલ પટેલ અને વૈભવ મોતા

## અવિસ્મરણીય કાર્યક્રમની સફળતાના ચમકારા

★ કાર્યક્રમના સહયોગી દાતા **શ્રી ભુપેન્દ્રભાઈ મુરજી દંડ (ભૂમિરાજ ગ્રુપ)** એ મહાજનશ્રીની સર્વાંગીણ પ્રવૃતિઓથી પ્રભાવિત થઈ. પ્લેટીનમ દાતામાંથી યુરેનિયમ દાતાના યોગદાનની ઉમંગે ઘોષણા કરી.

★ પ્રમુખ **શ્રી નયનભાઈ ભેદા (નેપ્ચ્યુન ગ્રુપ)**એ ડાયમંડ જ્ઞાતિજનોના ઉત્સ્ફુર્ત પ્રતિસાદે દાતામાંથી પ્લેટીનમ દાતાના યોગદાનની ઘોષણા કરી.

★ અનંતસિધ્ધિ-ભાંડુપમાં જ્ઞાતિજનોના લાભાર્થે એક મેડીકલ ડાયગ્નોસ્ટીક સેંટર (ચકાસણી કેંદ્ર) શરૂ કરવાની જાહેરાત - અત્યાધુનિક સેંટર શરૂ કરવાનો સંપૂર્ણ ખર્ચ **શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર (સુથરી-વરલી)** તરફથી અપાશે.

★ જ્ઞાતિજનોએ કાર્યક્રમ માણવા આપેલો પ્રચંડ પ્રતિસાદ (૨૮૦૦ જણાની વિક્રમી ભરચક હાજરી)

★ જ્ઞાતિના ડોક્ટરો, અને તબીબી ક્ષેત્રે સાથે સંકળાયેલા વ્યવસાયિકો અને કાર્યકરોનું એક મંચપર મિલન.

★ જ્ઞાતિના દરેક વય જુથના કલાકારોએ કરેલ ગીત-સંગીત કલાની સુંદર રજુઆત શ્રોતાજનોને સ્પર્શી ગઈ.

★ મ્યુઝીક થેરેપી વિષે સુંદર સમજણ અપાઈ. મહાજનશ્રી દ્વારા અભિનવ પ્રયોગ.

★ શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ વિષે પ્રવૃતિ અહેવાલ અને ભાવિ આયોજનની માહિતી અપાઈ.

★ જ્ઞાતિજનો માટે વ્યાજબી પ્રિમિયમે "આરોગ્ય રક્ષા" મેડીક્લેમ પોલીસી અરિહંત બેંક સાથે ટાઈઅપની જાહેરાત

★ ટ્રસ્ટ દ્વારા મેડીકલ તપાસ, દવા, ઓપરેશન ખર્ચ વગેરે માટે રૂ.૫૦,૦૦૦ સુધીની તરત અપાતી સહાય.

★ KDO ડોક્ટરો અને જરૂરી સેવાઓની વિગતો સહિત પોકેટ બુક ડિરેક્ટરીનું વિમોચન અને વિતરણ.

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડો. વેલજી પાસ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**: સહતંત્રી :**

ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**



**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

**નોંધ:** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


## જૈનોનો ભવ્ય ભૂતકાળ

*- શ્રીયુત બી. એન. મૈશેરી*

*(આજથી અંદાજે ૭૫ વર્ષ પુર્વે પ્રકાશિત થયેલ આ લેખ તે સમયના જ્ઞાતિ ઈતિહાસની વાતો રજુ કરવાની અને તેમાંથી કંઈક પ્રેરણા લેવાની ભાવનારૂપે અત્રે પુન:પ્રસ્તુત કરેલ છે.)*

(ગતાંકથી ચાલુ...) વિક્રમ સંવત ૫૩૫માં થયેલા હરિભદ્રસૂરિએ ૧૪૪૪ પ્રકરણો રચ્યાં છે તે પૈકી કેટલાકમાં સર્વ દર્શનોનો નિષ્પક્ષપાત સમન્વય કરી, સર્વની ન્યાય દ્રષ્ટિએ તુલના કરી છે. પ્રાકૃતમાં પ્રસિધ્ધ સમરાદિત્ય કથા રચી છે. તેમણે પોતાના શિષ્યોને બૌધ્ધો પાસે તેઓના સિધ્ધાંત શિખવા મોકલ્યા હતા. અને તેમના એક ગ્રંથથી ઉપમિતિભવપ્રપંચા નામનો મહાન રૂપક ગ્રંથ સંસ્કૃતમાં લખનાર સિધ્ધર્ષિસુરિ (વિ.સં.૫૯૨) બૌધ્ધ થતાં બચી ગયેલ હતા. (હરિભદ્રસૂરિને પુરાતત્ત્વ મંદિરના આચાર્ય શ્રી જિનવિજયજી સંવત આઠમા/નવમા સૈકામાં ગણે છે. વલ્લભીપુરના નાશ અને શત્રુંજય મહાત્મ્ય વિષે અનેક મતભેદો છે.)

વિ.સં.૫૧૦માં વડનગર (આનંદપુર-વૃધ્ધનગર) ના રાજા ધ્રુવસેનના પુત્ર મરણથી થએલો શોક સમાવવા ધનેશ્વરસુરિએ "જૈનાગમ" નામે કલ્પસૂત્રની વાચના કરી અને ત્યારથી શ્રીકલ્પસૂત્ર પર્યુષણમાં સભા સમક્ષ વાંચવાની પ્રથા ચાલુ છે.

પ્રાકૃતનું પહેલું વ્યાકરણ રચનાર જૈન પંડિત ચંડ હતો તેણે પોતાના "પ્રાકૃત લક્ષણ" નામક વ્યાકરણમાં અપભ્રંશ ભાષાનું વિવરણ કર્યું છે. પંડીત ચંડનો સમય કેટલાક ઈ.સ.પૂર્વે એકસો અને કેટલાક ઈ.સ.છઠ્ઠા સૈકામાં ધારે છે.

આઠમાં સૈકામાં (સં.૭૩૩માં) જિનદાસ મહતરે નન્દિસૂત્ર પર તથા નિશીથસૂત્ર પર સંસ્કૃતમાં ચૂર્ણી રચી. પિપ્પલ ગચ્છના શાંતિસૂરીએ વિ.સં. નવમાં સૈકામાં સાતસો શ્રીમાળી કુટુંબોને જૈન બનાવ્યાં.

સં.૮૦૨માં વનરાજે અણહિલપુર પાટણની સ્થાપના કરી ત્યારે ચૈત્યવાસી સાધુ (દેવચંદ્રસૂરિ) શીલગુણસૂરના દાબથી પાટણમાં ફક્ત ચૈત્યવાસીઓએજ રહેવું અને બીજા શ્વેતાંબર સાધુઓએ ત્યાં રહેવું નહિ એવો લેખ કરી આપેલ. પંચાસરા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા વનરાજના હાથે થઈ.

સં.૮૩૫ (શકે ૭૦૦)માં ઉધોતનસુરિએ પોતાનું નામ દાક્ષિલ્યાકસૂરિ રાખી "કુવલય માલા" નામની પ્રસિધ્ધ કથા પ્રાકૃતમાં રચી. આ કથા સંકીર્ણ છે અને એમાં ઘણી ભાષાઓનું મિશ્રણ છે.

મહાન્ જૈન કવિરાજ ધનંજય સં. ૮૮૪માં થયો કે જેણે "ધનંજય માલા" ને "દ્રિસંધાન મહાકાવ્ય" (રાઘવ-પાંડવીય મહાકાવ્ય) નામનો ચમત્કારિક ગ્રંથ રચ્યો. વિક્રમની નવમી સદીમાં (૮૦૦ થી ૮૯૫) શ્વેતાંબર મતના બપ્પભટ્ટીસરિ થયા. તેમણે અનેક રાજાઓને જૈન કર્યાં. આપસઆપસના ઝઘડા પતાવ્યા અને દુશ્મન રાજાઓ વચ્ચે મૈત્રી કરાવી. ગિરનારની યાત્રામાં દિગંબર અને શ્વેતાંબરો વચ્ચે ઝગડો થયો હતો. પણ બપ્પભટ્ટીના પ્રભાવથી તે શ્વેતાંબરીઓનું તીર્થ જાહેર થયું.

સં.૯૧૩-૯૧૫માં જયસિંહસૂરિએ પ્રાકૃતમાં ઉપદેશમાલા વૃત્તિ રચી. સં.૯૧૬માં બલભદ્રસૂરિએ બૌદ્ધના હાથમાંથી ગિરનાર તીર્થ વાળ્યું. સં.૯૨૫માં શીલાચાર્યે દશ હજાર પ્રાકૃત ગાથામાં મહાપુરુષ ચરિત્ર રચ્યું તેમાં ૫૪ મહાપુરુષોનાં ચરિત્ર છે. તેની વસ્તુ લઈને શ્રી હેમચંદ્રસૂરિએ ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર સંસ્કૃતમાં રચ્યું. આથી ભિન્ન બીજા શીલાચાર્યે (શીલાંગાચાર્યે) સં. ૯૩૩માં આચારાંગસૂત્ર પર સંસ્કૃતમાં વૃત્તિ રચી. ચાવડા વંશના કુલગુરૂ ચૈત્યવાસી જૈન આચાર્યો હતા. જૈન ન્યાયશાસ્ત્રનો બીજો યુગ વિક્રમના બીજાથી

છઠ્ઠા સૈકા સુધીમાં ગણતાં તેમાં દિગમ્બર સંપ્રદાયના અકલંક, વિદ્યાનંદ અને પ્રભાચંદ્ર એ ત્રણ પ્રધાન આચાર્યોએ મુખ્યત્વે જૈન ન્યાયને વિસ્તાર્યો અને વિશદ કર્યો અને શ્વેતામ્બર સંપ્રદાયમાં મલ્લવાદી, હરિભદ્ર અને રાજગચ્છીય અભયદેવે તેમ કર્યું. (પં. સુખલાલજી) રાજગચ્છના પ્રદ્યુમ્નસૂરિ વૈદક શાસ્ત્રમાં પારંગત હતા. તેમના શિષ્ય "ન્યાયવનસિંહ" નામનું બિરૂદ ધરાવનારા શ્રી અભયદેવસૂરિએ વાદ મહાર્ણવ નામનો તર્કનો અતિ ગહન ગ્રંથ તેમજ સમ્મતિ તર્કપર તત્ત્વબોધ વિદ્યાયિની ટીકા રચી છે. અને તેના શિષ્ય ધનેશ્વરસૂરિ તે મુંજ રાજાના ગુરૂ હતા. મુંજના રાજ્યના દિગમ્બરાચાર્ય અમિતગતિએ સુભાષિત રત્ન સંદોહ ગ્રંથ રચ્યો. સં. ૧૦૫૦માં પ્રસિદ્ધ જૈન કવિ ધનપાલ "સિદ્ધ સારસ્વત કવિશ્વરે" કાદમ્બરીને ટક્કર મારે તેવી "તિલક મંજરી" નામક આખ્યાયિકા રચી છે. સં.૧૦૮૪માં "ખરતર" ગચ્છની સ્થાપના થઈ અને ચૈત્યવાસીઓનું જોર ઘટ્યું. પ્રખ્યાત ગણિત પુસ્તક "લીલાવતી" જિનેશ્વરસુરિ કૃત છે.

ગુર્જરપતિ સિદ્ધરાજ જયસિંહની વિદ્વત્સભાનો પ્રમુખ જૈન કવિ શ્રીપાલ હતો અને તેણે "કવિ ચક્રવર્તી"નું બિરૂદ મેળવેલું હતું. તે નેત્રશૂન્ય હતો. સં. ૧૧૮૧માં સિદ્ધરાજના દરબારમાં શ્વેતામ્બરો અને દિગમ્બરો વચ્ચે જબરો વાદ થયો જેમાં દિગમ્બરનો હાર્યા અને શરત મુજબ ગુજરાત છોડી ગયા. સં.૧૨૧૭માં શ્વેતામ્બર દિગમ્બરોનો વાદ થતાં દિગંબર ભટ્ટારકને શ્રીજયસિંહસૂરિ નામક શ્વેતામ્બર અચલગચ્છીય આચાર્યે હરાવ્યાથી છત્રસેન તેમના શિષ્ય થયા અને તેના અનુયાયી સાળવીઓ પાટણમાં પણ શ્વેતામ્બર બન્યા. જેમનો પરિવાર આજે પણ મોટી સંખ્યામાં જૈન ધર્મ પાળે છે. શ્રી દેવસૂરિએ "સ્યાદ્વવાદ રત્નાકર"નામનો તર્કનો ગ્રંથ રચ્યો. (૧૧૮૩) "વાદ્ય શિશુક" અમરચંદ્રસૂરિએ "સિદ્ધાંતાર્ણવ" નામનો મહાગ્રંથ રચ્યો છે. સિદ્ધરાજ તરફથી જૈનોને ખૂબ પ્રોત્સાહન મળ્યું છે, શ્રાવકોને ધર્મ વિરૂધ્ધ વર્તતાં શિક્ષા કરવા માટે ધર્મઘોષસૂરિએ અઢાર શ્રાવકોની કમિટી નીમી હતી.

ખરતર જિનવલ્લભસૂરિએ ચૈત્યવાસ તજી ગૃહસ્થ-ગૃહવસ્તિ સ્વીકારી હતી

જંગમ યુગપ્રધાન **શ્રી આર્યરક્ષિતસૂરિએ** સં.૧૧૬૯ માં વિધિપક્ષ-અચલગચ્છની સ્થાપના કરી. ઉપર જણાવેલા શ્રી જયસિંહસૂરિ તેમના શિષ્ય હતા.

શ્રી જયસિંહસૂરિએ અનેક ચાવડા, પરમાર, રાઠોડ અને યદુવંશી રાજાઓને જૈન બનાવી જૈનોમાં ભેળવ્યા. તેમના વીશર, નાગડા, પાલણ, ગાંધી, દેઢીયા, ગાલડા, કટારીઆ, પોલડીયા, છાજેડ વિગેરે ગોત્રો સ્થાપ્યા. એ દરેક ગોત્રીયોનાં વંશજો આજે વણિક જ્ઞાતિમાં જૈન ધર્મ પાળે છે.

કુમારપાલે સમસ્ત ગુજરાતને એક આદર્શ જૈન રાજ્ય બનાવ્યું એના સમયમાં મલયગિરિ નામના જબરા ટીકાકાર થયા.

જ્ઞાતે શ્રી હેમાચાર્ય મોઢ હતા. અનેક ચોમાસા પાટણમાં રહ્યા હતા. રાજ્ય દરબારમાં ચાલુ જતા હતા. શ્રી હેમાચાર્ય "કલિકાલ સર્વજ્ઞ" કહેવાતા. દિગમ્બોને શ્વેતામ્બર બનાવનાર શ્રી જયસિંહસૂરિએ કર્મગ્રંથની બૃહત્ ટીકા, કમ્મપયડીનો ટીકા, કર્મવિપાક સૂત્ર, જૈન તર્કવાર્તિક, ન્યાય મંજરી આદિ અનેક ગ્રંથો રચ્યા છે.

તેમના પાછળ તેમનાજ શિષ્ય પરિવારમાં પંદરમા સૈકામાં શ્રી મેરૂતુંગસૂરિ થયા તેમણે ભાવકર્મ પ્રક્રિયા, શતક ભાષ્ય, જૈન મેઘદૂત અને પ્રબંધ ચિંતામણિ વિગેરે ગ્રંથો લખ્યા છે. તેમના ગુરૂભાઈ શ્રી જયશેખરસૂરિએ નળદમયંતીચંપુ, જૈન કુમારસંભવ, આદિ પંચ મહાકાવ્યો ઉપદેશ ચિંતામણિ, પ્રબોધ ચિંતામણિ ધમ્મિલ ચરિત્ર, ન્યાય મંજરી વિગેરે અનેક વિદ્વતાપૂર્ણ પુસ્તકો લખ્યાં છે. એ આચાર્ય "કવિચક્ર ચૂડામણિ" નું બિરૂદ્દ ધરાવનારા હતા

વસ્તુપાલના સમયમાં લગભગ ૧૨૭૫માં પ્રથમ વસ્તુપાલની પોરવાડ જ્ઞાતિમાં "દશા" અને "વીસા" એવા ભેદ પડ્યા. વીસ વસાના ઉત્તમ પૂરી યોગ્યતા વાળા તે "વીસા" અને તેથી ઓછી યોગ્યતાવાળા તે "દશા" આ ભેદ ક્રમે ક્રમે બીજી જ્ઞાતિઓમાં ચાલુ થતાં સં.૧૫૧૨માં સર્વત્ર પડી ગયો.

જગડુશા વિધવા વિવાહના હિમાયતી હતા અને ખુદ પોતાની વિધવા પુત્રીનું પુનર્લગ્ન કરાવવા વિચાર કરી પોતાની જ્ઞાતિની આજ્ઞા પણ તેમણે મેળવેલી પણ ગૃહકંકાસ અટકાવવા ખાતર તેમણે એ વિચાર માંડી વાળ્યો. સં.૧૩૫૭માં કાગળ પર લખાતું તે પહેલાં તાડપત્ર પર લખાતું. (પં. લાલચંદની કૃતિઓ) સં.૧૫૧૨માં વણિકોમાં દશા-વીસા ભેદ જાણીતા થઈ ગયા અને તેમાં શ્રાવક અને મેશ્રી (શિવમાર્ગી) બન્ને હતા. (જુઓ "કાન્હકદે પ્રબંધ")

***વીસા દશા વિગતિ વિસ્તરી***
***એક શ્રાવક ને એક મહેસરી***

સં.૧૫૦૮માં અમદાવાદના લોંકાશાહ નામના લહિયાએ પ્રતિમાનો નિષેધ કર્યો જે પરથી ઢુંઢીઆ કે

સ્થાનકવાસી થયા લોકાશાહ ગુજરાતી હતા એટલે તેમના મતની ભાષા ગુજરાતી રહી છે. લોકાગચ્છી સંપ્રદાયમાં મૂર્તિનો સર્વથા નિષેધ નથી.. લોકાશાહે સાધુ તરીકે દીક્ષા લીધી નહોતી છતાં તેના પરથી એક સંપ્રદાયની સ્થાપના થઈ છે. સં.૧૫૩૩માં ભાણા નામના સાધુએ મૂર્તિપૂજા નિષેધનો વધુ પ્રચાર કર્યો.

હીરવિજયસૂરી, વિજયસેનસૂરી અને ભાનુચંદ્ર અકબર પાસે ખૂબ માન પામ્યા હતા અને જૈન મતની કીર્તિ વધારી હતી

સં.૧૬૭૧માં શ્રી કલ્યાણસાગરસૂરિએ આગ્રાનગરમાં જાહાંગીર બાદશાહને જૈન મૂર્તિ ખંડિત કરતાં નિવારી તેની પાસે જૈન મૂર્તિ વંદન કરાવ્યું. એ શ્રી કલ્યાણસાગરસૂરિ મહાપ્રભાવિક અને સમર્થ આચાર્ય હતા.. તેમણે કચ્છના મહારાવને પોતાની વિદ્વતાથી જૈન ધર્મ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા બનાવી આખા કચ્છમાં ફરી, પરધર્મનો આશ્રય લીધેલી વણિક કોમને ફરીથી જૈન બનાવ્યા.

મહાકવિ ધનપાલના નાનાભાઈ શોભનાચાર્યે ભોજરાજાના વખતમાં "શોભન સ્તુતિ" નામક મહા ચમત્કારિક ગ્રંથ રચ્યો છે આમાં દરેક શ્લોકનું બીજું અને ચોથું પદ સમાન છે છતા અર્થમાં અસાધારણ નવીનતા છે. આમાં કવિ ૨૪ ભગવાનની સ્તુતિ ૯૬ શ્લોકોમાં કરી છે. દરેક શ્લોકમાં નવીન અલંકારો અને અર્થ છે આ સ્તુતિ ગોચરી-મધુકરીએ જતાં કવિએ રસ્તામાં જ બનાવી હતી; જે તેમની ઉચ્ચ શક્તિ વિષે ખ્યાલ આપે છે.

"મન મંદિર આવો રે" વગેરેના કર્તા મહાકવિ વીરવિજયજી ગુજરાતી હતા અને ૧૮૨૯માં થયા હતા.

જૈન દાનવીરો તરીકે શત્રુંજય તીર્થના સ્થાપક ભાવડશાહ મુખ્ય મંદિરપર સહપત્નિ ધ્વજા ચડાવવા જતાં હર્ષાવેશમાં આ દંપતિ મરણ પામ્યાં. આ સિવાય મહમદ બેગડાના વખતમાં થયેલ ખેમો દેરાણી કે જે ખેમા શેઠને નામે પ્રસિધ્ધ છે, તેણે વર્ણિકા માટે વપરાતી "શાહ"ની ઉપમા કાયમ રખડાવી અને જગડુશાહ ગુજરાતના કુબેર તરીકે ખ્યાતિમાં આવ્યો."

મંત્રીઓ તરીકે-વિમલશાહ, મુંજાલ મહેતા, ઉદયન મંત્રી, વાગ્ભટ, અભય કુમાર, શકડાલ, ચાંપો, વસ્તુપાળ, તેજપાલ, ટોડરમલ્લ, ઉદયમંત્રી વગેરે હતા.. આમાં વસ્તુપાળ ભદ્રેશ્વર (કચ્છ)ના રાજા ભીમસિંહ સાથે લડવા કચ્છ આવેલો..

"મહાવીરનામા"માં વૈશાલીના રાજા ચેટક વિષે ઉલ્લેખ છે જે મહાવીરસ્વામીનો મામો હતો.. આ ચેટકનો જમાઈ સિંધનો રાજા ઉદયન જૈન રાજર્ષિ તરીકે મનાય છે. ચેટકની બીજી પુત્રી મહાવીરસ્વામીના મોટા ભાઈ નંદિવર્ધન સાથે પરણાવવામાં આવી હતી.

નવ નાતનાં વૈશ્યો એક પંક્તિએ જમે છે; પણ એમાં જૈન અને મહેશ્વરી એવા ભેદ છે.

સં.૧૧૯૨માં મુલ્તાન નગરવાસી ધીંગડમલ્લ મહેશ્વરી વણિકના પુત્ર લૂનાને જિનદત્તસૂરીજીએ પ્રતિબોધી ઓશવાળ વંશમાં લૂનિયા ગોત્ર સ્થાપ્યું અને જૈન ઓશવાળ બનાવ્યા.

ઓશવાળો માત્ર ક્ષત્રિય, બ્રાહ્મણ અને મહેશ્વરી વૈશ્યમાંથી જ બનાવ્યા છે. ઓશવાળ જ્ઞાતિમાં ૧૪૪૪ ગોત્રો છે.

**ભદ્રબાહુ સંહિતા** : જૈનોનો અપૂર્વ જ્યોતિષ ગ્રંથ મનાય છે. (વીરાત્ ત્રીજા સૈકામાં) ભદ્રબાહુ વરાહમિહીરના સંસાર પક્ષે ભાઈ હતા.. આ બન્ને ભાઈઓએ જ્યોતિષ ઉપર અપૂર્વ ગ્રંથો રચ્યા છે.

**વિવેક વિલાસ** : શ્રી જિનદત્તસૂરિ કૃત, "દાદા"કૃત. આ સિવાય એમની કૃતિઓ "મેઘમાલા વિચાર" અને "શકુનવિચાર"

તપાગચ્છનો જ્ઞાનકોષ જેસલમેરમાં છે. સં. ૧૭૬૩માં વિનયસાગરે કચ્છના ભારમલ્લ રાજાના કુંવર ભોજરાજજીના વારામાં ભોજ વ્યાકરણ છે. સં.૧૮૯૭માં **કચ્છ નળીઆના શેઠ નરસિંહ નાથાએ ચંદ્રપ્રભુનું ચૈત્ય શત્રુંજયપર કરાવ્યું. ૧૯૦૫માં કચ્છ જખૌમાં શા. જીવરાજ રત્નસિંહે ત્રણ લાખ કોરી ખર્ચી પુસ્તકાનો ભંડાર કરાવ્યો.**

જૈનોની બ્રહ્મચર્યની નવ વાડો વિષેની ભાવનાએ જે નૈતિક અસર કરી છે તે સ્વામીનારાયણ સિવાય કોઈ ધર્મમાં નથી.

જૈન સાહિત્ય ઉપર નીચેના પુસ્તકામાં વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે :-

૧. જૈનો અને તેનું સાહિત્ય.. લે. મોહનલાલ દ. દેશાઈ.

૨. ગુજરાતી સાહિત્ય ખંડ-૫મો.. ક.મા.. મુન્શી

૩. હિસ્ટરી ઓફ ધી મેડીવિયુલ સ્કૂલ ઓફ ઇન્ડિયન લૉજીક. સતીશચંદ્ર વિદ્યાભૂષણ કૃત.

૪. રજપુતોનો ઈતિહાસ શ્રી ઓઝા કૃત.

૫. ટોડ રાજસ્થાન

૬. રાસમાલા

૭. હિસ્ટરી ઓફ ઇન્ડીયન આર્કીટેક્ટર-જેમ્સ ફર્ગ્યુસન

૮. કાન્હદે પ્રબંધ ગુજરાતી સંશોધક ડાહ્યાભાઈ દેરાસરી

૯. સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ જૈન વિભાગના પ્રમુખ પંડિત લાલનનું ભાષણ.

આ ઉપરાંત દા. ભંડારકર, પ્રો. પીટરસન, જેકાબી, મેકેન્ઝી, વેગર, કોલબુક, કીલ્ટોર્ન તથા દા. ગેરી વગેરે વિદ્વાનોના જૈન સાહિત્યના સંશોધનને લગતા રિપોર્ટો જૈનોના ઐતિહાસિક સાહિત્ય ઉપર સુંદર પ્રકાશ નાખે છે. આ માટે જૈન ગુરુઓની પટ્ટાવળી પણ ઉપયોગી છે.

પાટણમાં છ પ્રાચીન ગ્રંથ ભંડારો છે. આ ઉપરાંત બે અમદાવાદમાં તથા જેસલમેર, ખંભાત, લીંબડી, કચ્છ કોડાય, કચ્છ ભુજપુર, કચ્છ જખૌ વગેરેમાં પણ એકએક છે. મુંબઈ દશા ઓશવાળના અને દિગમ્બરોના દેરાસરમાં બે, પુના ડેક્કન કોલેજમાં, રાધનપુરમાં અને જામનગરમાં પણ છે.

જૈન સાહિત્યને પ્રકાશમાં મૂકનાર તરીકે, જૈન ધર્મ પ્રસારક સભા, આત્માનંદ સભા, વિદ્યા પ્રસારક વર્ગ, અમદાવાદની વિદ્યાશાળા, શ્રી દેવચંદ લાલભાઈનું પ્રકાશન મંદિર, પરમશ્રુત પ્રભાવક મંડળ, આરાનું જૈન સેંટ્રલ પબ્લીશીંગ હાઉસ, પં. હીરાલાલ હંસરાજનું જૈન ભાસ્કર ગ્રંથ પ્રસિદ્ધિ ખાતું, આગ્રાની આત્માનંદ સભા, આગમોદય સમિતિ અને **શા. ભિમસિંહ માણેક (ક.દ.ઓ.)** તરફથી પ્રકાશમાં આવેલું સાહિત્ય વગેરે ગણાવી શકાય.

આ ઉપરાંત પંડિત સુખલાલજીનો "જૈન ન્યાયનો ક્રમિક વિકાસ." (નિબંધ) પરિશિષ્ટ સાથે, "વિમલશા ઓશવાળ કુળતિલક કહેવાય છે, તે સત્ય કે એ પોરવાડ હતા તે સત્ય?" (મુનિ ન્યાયવિજય અને વિમળ પ્રબંધ) વાંચવાથી સુંદર ખ્યાલ આવી શકે છે.

ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદમાં સ્વ. મનસુખલાલ રવજીભાઈએ જણાવ્યું હતું કે ગુજરાતી ભાષાનો જન્મ જૈનોથી થયો છે. પ્રાકૃત પરથી અપભ્રંશ અને ત્યારબાદ ગુજરાતી પ્રચારમાં આવી. જૈનોને સૌથી વધુ પ્રાકૃતનો પરિચય છે. ગુજરાતમાં અપ્રભ્રંશનું સૌથી વધુ ખેડાણ જૈનોએ કર્યું છે. આ ઉપરાંત સંસ્કૃત ગુજરાતી, તામીલ, કેનેડી, કર્ણાટકી, તેલગુ, હિંદી આદિ ભાષાઓમાં પણ જૈનોએ ઘણુ સાહિત્ય આપ્યું છે.

ગુજરાતી ભાષાનો જન્મ પ્રાકૃત સામાજિક અપભ્રંશમાંથી થયો છે. આમ જૈન ધર્મનો ગુજરાતી સાહિત્ય અને મહા ગુજરાતના ઈતિહાસ સાથે અતિ મહત્વનો અને પ્રધાન સબંધ છે. આ વિષયપર હજી ઘણીય બોજની આવશ્યકતા છે. જૈન યુવાનોએ આ દિશામાં પ્રયાસ કરવા જરૂરી છે. *(સંપૂર્ણ)*

## બહુમુખી પ્રતિભા : શ્રી બી.એન. મહેશ્વરી

જાહેર જીવનમાં પહેલા જ્ઞાતિ આગેવાનોમાંથી મુંબઈ સ્તરે ઉચ્ચ માન મેળવનારા બી.એન. મહેશ્વરી એટલે કે **ભવાનજી નથુભાઈ મૈશેરીએ** મુંબઈ નગરપાલિકાના નગરસેવક તરીકે આજથી લગભગ ૭૫ થી ૫૦ વર્ષ પહેલા માટુંગાનો સુનિયોજીત વિકાસ આયોજન માટે અનન્ય ફાળો આપ્યો હોવાથી તેમના યોગદાનની કદરરૂપે ત્યાં આવેલા મુખ્ય બગીચાને તેમનું નામાભિધાન અપાયું છે જે એક જ્ઞાતિ ગૌરવની વાત છે.

ગર્ભશ્રીમંત કુટુંબમાં જન્મેલા અને પાશ્ચાત્ય કેળવણી પામેલા ભવાનજીભાઈ નાની વયે રાષ્ટ્રવાદી પ્રવૃતિ તરફ વળ્યા અને વિદેશી કાપડની હોળી કરવી, ખાદીનો પ્રચાર કરવો, કોંગ્રેસ સ્વયંસેવક દળને આગેવાની આપવી, પાલિકામાં નગરસેવકપદ શોભાવ્યા ઉપરાંત તેની વિવિધ સમિતિઓમાં મહત્વનું યોગદાન આપવું વગેરે કાર્યોથી તેઓ તે વખતના ટોચના નેતાઓમાં સ્થાન પામ્યા. પ્રખર વક્તા અને પત્રકાર હોવાથી અનેક વિષયે અને જનપ્રશ્નો પર રજૂઆતો કરી.

જ્ઞાતિ જેમને એક રાજકીય આગેવાન ગણે છે. તેમની કલમે જૂના "પ્રકાશ"માં છપાયેલ "જૈનોના ભવ્ય ભૂતકાળ" વિશેનો લેખ ખરેખર રસપ્રદ છે. અને જૈન જગતમાં આગવા યોગદાનનું પ્રેરક બળ છે.

પ્રતાપી પુર્વજોની આ પ્રકારે દેન જ્ઞાતિનાં ગૌરવવંતા ઈતિહાસની એક ગાથા છે.


શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

K. Dixit
રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.
કૌશિક રાયચંદ શાહ (પટેલ) - સાંધાણ
982045 7676
417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E),
Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in



॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

**Shri Kutchhi Dasha Oswal Jain Gnati Mahajan, Mumbai**

KDO

# eduspark

let us light, the light within

Presents...




# FREE Computer Coachig Classes

## for all KDO's - No Eligibility

*From 1-6-2012 onwards - 1 Month Course*

*Batch Timing : 4 pm to 5 pm, 5 pm to 6 pm (Monday to Friday)*

*Venue : G D Study Centre, L-30, Dream Mall, LBS Road, Bhandup (W)*

**Education Committee Convener : Hemang Dharamshi, Paulomi Dharamshi - 9821335888**

For Details Contact : Jatin Dharamshi - 9819844651, Kavita Dharamshi - 9870202227, Dipti Dharamshi - 8108032101

**Sponser : Gulab Dharmshi**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

RIGHT MATCH
Pairs forever

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

KDO

ના ઉપક્રમે

**પંચવર્ષીય કાર્યક્રમના સહયોગી દાતાઓના સહયોગથી**

# સગપણ સેતુ – સીઝન ૩

## જ્ઞાતિના લગ્નોત્સુક યુવક–યુવતીઓનો મેળાવડો

## રવિવાર, ૧૦ જુન, ૨૦૧૨ ના રોજ

**૨૦૦ થી વધુ ઉમેદવારો**

(સહભાગી થનારા ઇચ્છુકે કાર્યક્રમમાં હાજર રહેવુ ફરજીયાત છે.)

**સ્થળ : ટીપ ટોપ પ્લાઝા, એલ. બી. એસ. રોડ, થાણા (વે)**

**રજીસ્ટ્રેશન સમય : બપોરે ૧.૩૦ થી ૨.૩૦ • કાર્યક્રમ : ૨.૩૦ થી ૮.૩૦ • ડીનર : રાત્રે ૮.૩૦ થી ૯.૩૦**

(પ્રવેશ આમંત્રિતો પૂરતું મર્યાદિત)

વધુ વિગત માટે સંપર્ક : સગપણ સમિતિ કન્વીનર – અ.સૌ. ચાંદની પરેશ લાલકા – ૦૯૮૩૩૨૨૫૦૫૩

સમિતિ મેમ્બરો : મધુરીબેન મુલચંદ લોડાયા, કવિતા કલ્પેશ ધરમશી, નીશા હરીશ શિયાલ, ગોવિંદજી લાલજી પટેલ, કીરીટ કુંવરજી કુરુવા

## **શ્રી કોઠારા શાંતિનાથજી મહારાજ જૈન દેરાસર તથા સાધારણ ફંડ ટ્રસ્ટ** (ટ્રસ્ટ રજી. નં.એ-૯૯૯-કચ્છ)

### દેરાસરજી આવક-જાવક હિસાબ વર્ષ ૨૦૧૦-૧૧

| | આવક | | જાવક |
|---|---|---|---|
| ૬,૦૦૦.૦૦ | મકાન ભાડા | ૨૧૨૩૯.૦૦ | વહીવટી ખર્ચ |
| ૩૧૭૩.૦૦ | દેરાસરજી દાન | ૧૭૪૬૪૮.૦૦ | ધાર્મિક ખર્ચ |
| ૮૬૩૬૦૫૦ | ઘી બોલી | ૯૦૭૩.૦૦ | પરચુરણ ખર્ચ |
| ૧૩૩૭૧૨.૦૦ | ભંડાર ઉપજ | ૧૨૭૨૬.૦૦ | ચેરીટી ફાળો |
| ૨૫૭૯.૦૦ | મોટી પુજા | ૩૭૫૫.૦૦ | મરામત અને નિભાવ |
| ૫૦૧.૦૦ | આંગી | ૪૨૩૮૮.૦૦ | ઘસારો (ફ્નીચર-ડેડસ્ટોક) |
| ૨૫૭૪.૦૦ | શાંતિકળશ | ૨૬૩૮૨૯.૦૦ | |
| ૧૪૭૯.૦૦ | સ્નાત્ર પુજા | ૮૫૭૬૯.૯૯ | ખર્ચથી આવકમાં વધારો |
| ૧૧૪૨૨૦.૩૯ | વ્યાજ | | |
| **૩૪૯૫૯૮.૮૯** | | **૩૪૯૫૯૮.૮૯** | |

### સાધારણ આવક-જાવક હિસાબ

| | | | |
|---|---|---|---|
| ૨૪૫૦૪૧.૦૦ | દાન | ૪૨૯૯૨.૦૦ | વહીવટી ખર્ચ |
| ૫,૪૦૦.૦૦ | મકાન ભાડા | ૨૩૮૫૭૮.૦૦ | ધાર્મિક ખર્ચ |
| ૧૬૧૬૯૬.૦૦ | ઘી બોલી | ૧૩૭૦૦.૦૦ | અન્ય ધર્માદા ખર્ચ |
| ૨૦૪૪.૦૦ | કેસરપાણી | ૧૨૧૩૦.૦૦ | ઓડિટ તથા ઇન્કમટેક્ષ ફી |
| ૨૧૨૪૩૪.૦૦ | અતિથીગૃહ | ૧૧૫૩૪૩.૦૦ | અતિથીગૃહ રનીંગ ખર્ચ |
| ૧૧૧૬૬૨૩૯ | વ્યાજની ફાળવણી | ૪૨૨૭૧૩.૦૦ | |
| | | ૩૧૫૫૭૫.૩૯ | ખર્ચથી આવકમાં વધારો |
| **૭૩૮૨૮૮.૩૯** | | **૭૩૮૨૮૮.૩૯** | |

### પાકું સરવૈયું તા.૩૧-૩-૨૦૧૧

| | | | |
|---|---|---|---|
| ૬૨૩૭૪૮.૪૭ | ટ્રસ્ટ ફંડ | ૬૦૯૫૭૩૨.૫૦ | સ્થાવર મિલ્કત |
| ૪૨૯૫૨૮૫.૦૦ | અજાણી અતિથીગૃહ બિલ્ડીંગ ફંડ | ૪૭૩૫૯૨.૫૦ | ફર્નીચર-ફીક્ચર-ડેડ સ્ટોક |
| ૨૭૦૦૦૦.૦૦ | ખાસ જોગવાઈ હેઠળની રકમ | ૫૧૬૯૦૦.૦૦ | દેનાબેંક-કોઠારા FDR |
| ૧૧૬૫૨૧૧.૦૦ | કાયમી અંકિત ફંડ | ૧૯૦૦૦૦૦.૦૦ | HDFC મુંબઈ FDR |
| ૧૮૨૪૧૦.૯૪ | ચાલુ અંકિત A/c. | ૩૦૦૦૦૦.૦૦ | ICICI 8% બોન્ડ |
| ૧૬૪૫૦.૦૦ | ડિપોઝીટ A/c. | ૭૧૭૦.૦૦ | ડિપોઝીટ A/c. |
| ૨૧૭૩૬૯૬.૧૧ | દેરાસરજી આવક જાવક A/c | ૧૫૦૦૦૦.૦૦ | અમૃતલાલ વી. પરમાર જીર્ણોધ્ધાર એડવાન્સ |
| | ૨૦૮૭૯૨૬.૯૮ ગઈસાલની બાકી | ૫૪૫૫૯૧.૦૦ | દેના બેંક-કોઠારા S.B. A/c. |
| | ૮૫૭૬૯.૮૯ ચાલુ વર્ષે વધારો | ૧૦૬૮૭૮૭.૧૪ | દેના બેંક-મુંબઈ S.B. A/c. |
| | | ૨૪૯૪.૭૫ | શ્રી રોકડ પુરાંત |
| ૨૩૩૩૪૬૬.૩૭ | સાધારણ આવક-જાવક A/c. | | |
| | ૨૦૧૭૮૯૦.૯૮ ગઈ સાલની બાકી | | |
| | ૩૧૫૫૭૫.૩૯ ચાલુ વર્ષે વધારો | | |
| **૧૧૦૬૦૨૬૭.૮૯** | | **૧૧૦૬૦૨૬૭.૮૭** | |

શ્રી કોઠારા શાંતિનાથજી મહારાજ જૈન દેરાસર તથા સાધારણ ફંડ ટ્રસ્ટ વતી (ટ્રસ્ટીઓ)

## **શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ** (ટ્રસ્ટ રજી. નં.એ-૯૯૮-કચ્છ)

| | આવક | | જાવક |
|---|---|---|---|
| ૨૦૯૨૫૧.૦૦ | મકાન-દુકાન ભાડા | ૧૩૦૮૨.૦૦ | વહીવટી ખર્ચ |
| ૧૦૦.૦૦ | મહાજન દાન | ૧૨૧૩૦.૦૦ | ઓડિટ તથા ઇન્કમટેક્ષ ફી |
| ૬૦૩૭.૦૦ | વાસણ ભાડા | ૪૦૬૦.૦૦ | ચેરીટી ફાળો |
| ૨૯૨૨૧૨.૦૦ | ભોજનાલય દાન | ૪૨૫૫.૦૦ | પરચુરણ ખર્ચ |
| ૨૭૨૧૪૪.૦૦ | વ્યાજ | ૩૩૩૬.૦૦ | મરામત અને નિભાવ |
| ૪૩૪૭૧૬.૦૦ | અંકિત ખાતા | ૫૫૧૭.૦૦ | ધાર્મિક ખર્ચ |
| | | ૧૮૨૩૯૦.૦૦ | ઘસારો |
| | | ૩૮૮૦૧૯.૦૦ | ભોજનાલય ખર્ચ |
| | | ૩૧૧૪૩૪.૦૦ | અંકિત ખાતા ખર્ચ |
| | | ૯૨૪૨૨૩.૦૦ | |
| | | ૨૯૦૨૩૭.૦૦ | ખર્ચથી આવકમાં વધારો |
| **૧૨૧૪૪૬૦.૦૦** | | **૧૨૧૪૪૬૦.૦૦** | |

Advt.

**પાકું સરવૈયું તા.૩૧-૩-૨૦૧૧**

| | | | |
|---|---|---|---|
| ૩૦૪૯૦૩.૪૭ | ટ્રસ્ટ ફંડ | ૧૪૭૩૦૭૬.૦૦ | સ્થાવર મિલકત |
| ૨૦૪૯૬૧૭.૭૬ | કાયમી અંકિત ફંડ | ૧૭૦૨૮૬.૦૦ | ફર્નીચર-ફીક્ચર તથા ડેડસ્ટોક |
| ૭૨૬૮૭૪.૧૦ | ચાલુ અંકિત A/c. | ૨૪૦૦૦૦૦.૦૦ | HDFC મુંબઈ FDR |
| ૭૨૬૪૨૬.૦૦ | ડિપોઝીટ A/c. | ૩૦૦૦૦૦.૦૦ | ICICI 8% બોન્ડ |
| ૧૫૦૦૦.૦૦ | કોઠારા પાંજરાપોળ ચાલુ A/c | ૭૦૦૦૦૦.૦૦ | સરદાર સરોવર નર્મદા નિગમ FDR |
| ૧૪૨૭૩૨૩.૦૨ | મહાજન આવક જાવક A/c | ૩૨૫૩૧.૦૦ | ભોજનાલય બંધ સ્ટોક |
| ૩૩૮૬૭૫.૫૦ | ભોજનાલય આવક-જાવક A/c | ૨૦૦૮૯.૦૦ | TDS રિફંડ A/c |
| | | ૧૦૨૯૮.૦૦ | ડિપોઝીટ A/c |
| | | ૨૨૬૮૨૯.૭૦ | દેના બેંક-કોઠારા S.B. A/c. |
| | | ૨૫૦૮૧૫.૧૫ | દેના બેંક-મુંબઈ S.B. A/c. |
| | | ૪૮૯૫.૦૦ | શ્રી રોકડ પુરાંત |
| **૫૫૮૮૮૧૯.૮૫** | | **૫૫૮૮૮૧૯.૮૫** | |

શ્રી કોઠારા શાંતિનાથજી મહારાજ જૈન દેરાસર તથા સાધારણ ફંડ ટ્રસ્ટ વતી (ટ્રસ્ટીઓ)

**શ્રી કોઠારા પાંજરાપોળ ટ્રસ્ટ** (ટ્રસ્ટ રજી. નં.ઈ-૨૫૬-કચ્છ)

**આવક-જાવક ખાતું તા.૩૧-૩-૨૦૧૧**

| | **આવક** | | **જાવક** |
|---|---|---|---|
| ૭૫૬૦૦.૦૦ | દુકાન ભાડા | ૧૫૮૪૬૮૦.૦૦ | પાંજરાપોળ રનીંગ ખર્ચ |
| ૮૯૯૯૯૨.૦૦ | દાન | ૧૬૩૯૯.૦૦ | વહીવટી ખર્ચ |
| ૧૦૨૭૯૦.૦૦ | વસ્તુ દાન | ૩૬૦૯૭.૦૦ | કુતરાને રોટલા-પક્ષીચણ ખર્ચ |
| ૪૬૦૦૦.૦૦ | જાનવર વેંચાણ | ૨૩૬૪૦.૦૦ | ખેતીવાડી ખર્ચ |
| ૯૩૦૦૦.૦૦ | ખાતર વેંચાણ | ૧૨૧૩૦.૦૦ | ઓડિટ તથા ઈન્કમટેક્ષ ફી |
| ૨૪૮૧૦૮.૦૦ | દુધ વેંચાણ | ૧૩૨૫૨.૦૦ | ચેરીટી ફાળો |
| ૫૧૩૧.૦૦ | ભંડાર ઉપજ (જીવદયા પેટી) | ૬૭૫૦.૦૦ | વીમા પ્રીમિયમ |
| ૬૬૦૦.૦૦ | પાડાની ફી | ૭૦૫૯૯.૦૦ | મરામત અને નિભાવ |
| ૪૮૪૩૯૭.૦૦ | વ્યાજ | ૨૯૮.૦૦ | પરચુરણ ખર્ચ |
| | | ૬૪૭૬.૦૦ | ઘસારો (ફનીચર) |
| | | ૧૭૭૦૩૨૧.૦૦ | |
| | | ૧૯૧૨૯૭.૦૦ | ખર્ચથી આવકમાં વધારો |
| **૧૯૬૧૬૧૮.૦૦** | | **૧૯૬૧૬૧૮.૦૦** | |

**પાકું સરવૈયું તા.૩૧-૩-૨૦૧૧**

| | | | |
|---|---|---|---|
| ૧૭૪૬૯૮.૩૭ | ટ્રસ્ટ ફંડ | ૬૭૪૪૬૬.૦૦ | સ્થાવર મિલકત |
| ૩૭૦૭૫૩૩.૦૦ | કાયમી અંકિત ફંડ | ૫૮૨૮૪.૦૦ | ફર્નીચર-ફીક્ચર તથા ડેડસ્ટોક |
| ૩૫૦૦૦.૦૦ | દુકાન ડિપોઝીટ | ૪૭૦૦૦૦૦.૦૦ | HDFC મુંબઈ FDR |
| ૩૬૪૫૦૯૭.૩૯ | આવક-જાવક A/c | ૧૦૦૦૦૦.૦૦ | સરદાર સરોવર નર્મદા નિગમ FDR |
| | ૩૪૫૩૮૦૦.૩૯ ગઈસાલની બાકી | ૪૮૦.૦૦ | ડિપોઝીટ A/c |
| | ૧૯૧૨૯૭.૦૦ ચાલુ વર્ષે વધારો | ૭૪૧૦૦૦.૦૦ | ઘાસચારા સ્ટોક |
| | | ૨૨૦૭૦.૦૦ | પશુઆહાર સ્ટોક |
| | | ૧૫૦૦૦.૦૦ | કોઠારા જૈન મહાજન ચાલુ A/c. |
| | | ૩૮૪૯૪.૦૦ | ટીડીએસ રિફંડ A/c. |
| | | ૨૮૧૪૫.૦૦ | દેના બેંક-કોઠારા S.B. A/c. |
| | | ૨૮૦૪૭૧.૭૬ | દેના બેંક-મુંબઈ S.B. A/c. |
| | | ૩૯૧૮.૦૦ | શ્રી રોકડ પુરાંત |
| **૭૫૬૨૩૨૮.૭૬** | | **૭૫૬૨૩૨૮.૭૬** | |

**શ્રી કોઠારા પાંજરાપોળ ટ્રસ્ટ (ટ્રસ્ટીઓ)**

**ત્રણે સંસ્થાના ઓડિટર ખીમજી કુંવરજી કાં. - ગાંધીધામ**

Advt.

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

**Be interesting and interested**

When we are interesting and interested we get a lot more fun out of life, as well as making the most of ourselves. But if we want to be interesting and interested, we have to look outwards away from ourselves towards other people and things outside the self. Instead of thinking and worrying and bothering about ourselves all the time, we have to be concerned with thinking of other people and what is happening around them. We have to be eager to share activity with the people around us by taking part and doing things with them.

If we want to be interesting and interested, we have to be brave enough to step forward and offer ourselves whenever and where ever there is a need. This requires courage, in the sense of not worrying about how we look to other people and whether people will appreciate what we do and what they may say and think behind our backs and whether we may do it wrong.

If we want to be interesting and interested, we have to live in the present, now, neither being regretful about the past nor living in the dreamy world remote from reality. We have to face up life as it is and do what we can with it in a practical way, not just wish and dream that it were different. We have to keep trying with what we have and what we are.

If we want to be interesting and interested we will not allow ourselves to get stuck in any hard and fast routine. We will do our best to be different in what we do and how we do it and give ourselves scope for experiment in trying out new methods and new things.

If we want to be interesting and interested it will help all around to have a change now and then, to be different and do something different. This is the way to freshen ourselves as well as the people close to us. It will stop us becoming fed up and bored with each other

(Psychologist magazine)

**Proverbs are lamps to life**

Friendship makes prosperity brighter, while it lightens Adversity by sharing its griefs and anxieties.

All things are less dreadful than they seem.

Error can claim no exemption even if it can be supported by scriptures of the world.

- Gandhiji

**Amazing facts**

The per head biscuit consumption in advanced countries like the USA and Britain is as high as 20 kgs as against 250 grams in India.

China, Mexico and Argentina top the list of world's honey suppliers. They have a combined share of 48 percent of world honey sales.

Psychologists advocate allowing pets into hospital wards because they believe the healing power of animals can hasten the recovery of patients.

**Amazing figures**

India has 250 universities, nearly 13000 colleges and 75,000,00 Students.

Malaysia appoints 2,40,000 foreign maids, more than 95 %are from Philippines.

Unicef says 25 million children have never been to school.

Only 31 % of children complete their education upto class 10.

**Word power**

This week's word is **`brilliantly pleasant'**. Make as many smaller words and send to Mrs. Neelam Dalesh Momaya. The longest list wins a prize.

**By the bye**

An ideal man should come in himself the swiftness of garuda (the Lord Mount) when pursuing an act the stability of Himalayas (to bear with difficulties), the depth of an ocean to conceal his feelings) the pleasing nature of the moon (to be cheerful and helpful) and the splendour of the sun (to be an source of encouragement to others). An ideal man should maintain equanimity towards friend and a foe....

॥ વડોદરામંડન શ્રી વિમલનાથાય નમઃ॥

## શ્રી વડોદરા કે.ડી.ઓ. નગરે હર્ષનાં વધામણાં
## અમને મળ્યા ગણિ કવીન્દ્રસાગરજી સોહામણાં

**ચાતુર્માસાર્થે મંગળ પ્રવેશ અષાઢ સુદ ૯, બુધવાર તા. ૨૭.૬.૨૦૧૨**

આજ્ઞા તથા આશિષદાતા તપસ્વીરત્ન
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરજી મ.સા.



ગુજરાતની ગૌરવવંતી કલાનગરી વડોદરાનાં **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજની** અમારી લાગણીસભર વિનંતીને અનેરા ઉત્સાહથી વધાવીને રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસાગરસૂરીશ્વરજી મ.સા.ના પ્રતાપી શિષ્યરત્ન, અમારા સંઘના પરમ ઉપકારી, ૧૧માં વર્ષીતપનાં આરાધક, સરલ સ્વભાવી, વૈયાવચ્છ પ્રેમી **પ.પૂ.** ગણિવર્ય ભગવંત **શ્રી કવીન્દ્રસાગરજી મ.સા.** તથા **પ. પૂ. મુનીરાજ શ્રી કલ્પતરૂ સાગરજી મ.સા.** આદી ઠાણા ૨ને અત્રે વડોદરામંડન શ્રી વિમલનાથદાદાની છત્રછાયામાં અમારા સંઘમાં ચાતુમાર્સ ધર્મ આરાધના માટે સંમતિ મળતા શ્રી સંઘના હૈયા હિલોળે ચઢ્યા છે.

આ ભવ્યાતિભવ્ય, ઐતિહાસિક, ધર્મ આરાધના-જિન ભક્તિમય ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે પધારવા આપ સર્વે સંઘો તથા ભાવિકોને પ્રેમભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

**લિ.**

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ, વડોદરા.**

શ્રી કે.ડી.ઓ. ભવન, સરસ્વતી નગર, કલાવતી હોસ્પીટલની સામે, વારસીયા રીંગ રોડ, વડોદરા - ૩૯૦૦૦૬. ફોન-૦૨૬૫ ૨૫૩૧૭૦૦

---

॥ શ્રી આદિનાથાય નમઃ ॥

# શ્રી વારાપધર કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન
# શ્રી વારાપધર જૈન યુવક મંડળ

વારાપધરના ઈતિહાસમાં પ્રથમવાર વારાપધરના શ્રેષ્ઠીવર્યોના આર્થિક સહયોગથી

**વારાપધરના જરૂરિયાતમંદ માટે મેડીકલ તથા શૈક્ષણિક સહાય યોજના**

ગામના શ્રેષ્ઠીવર્યોના સાથ સહકારથી શ્રી વારાપધર જૈન યુવક મંડળ દ્વારા ગામના જરૂરિયાતમંદ પરિવારો માટે ચાલુ વર્ષથી મેડીકલ તથા શૈક્ષણિક સહાય યોજના કાર્યરત કરેલ છે.

જરૂરિયાતમંદ પરિવારોએ આ યોજનાનો વિના સંકોચે લાભ લઈ શકશે.

**: ફોર્મ મેળવવાના સ્થળ :**

| | | |
|---|---|---|
| શ્રી અરવિંદભાઈ લોડાયા - ગાંધીધામ | શ્રી ભુપેન હંસરાજ વીકમશી - વારાપધર | શ્રી નીતેશ દીનેશ લોડાયા- ડોંબીવલી |
| શ્રી ભરત ખીમજી લોડાયા - ભુજ | શ્રી વિનય હીરાચંદ લોડાયા - ડોંબીવલી | શ્રી ટીએમટી હોલીડિસ - મુલુંડ |

**શૈક્ષણિક સહાય માટેના ફોર્મ ભરીને આપવાની છેલ્લી તારીખ ૩૧-૭-૨૦૧૨ રહેશે.**

**આગામી કાર્યક્રમ :-**

- તા. ૧૨-૮-૨૦૧૨ થી તા. ૨૩-૮-૨૦૧૨ પર્યુષણ પર્વની આરાધના
- મુંબઈ આસપાસ ચૈત્યપરિપાટીનું આયોજન તા. ૧૬-૯-૨૦૧૨
- મુંબઈમાં ગામધણી ઓલીયા શ્રી વારાપીરની સમુહ પહેડી જાન્યુ. ૨૦૧૩ મધ્યે

આપશ્રીએ પર્યુષણપર્વ માટે સંઘમાં નામ આપવા વિનંતી. અત્યાર સુધી ન લખાવ્યા હોય તો ઝડપથી નોંધાવવા વિનંતી. જો આપ પોતાની રીતે પર્વ દરમ્યાન માદરે વતન આવવાના હો તો મંડળના સભ્યોને જરૂરથી જણાવશો, જેથી સમુહમાં વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

નોંધ : તા. ૧૩-૮-૨૦૧૨ ના સ્થાનિકે રાત્રે ૮.૦૦ વાગે મહાજનની મીટીંગ રાખેલ છે.

।। શ્રી શાંતિનાથાય નમઃ ।। ।। શ્રી ચાંમુડામાતાય નમઃ ।। ।। શ્રી નેમિનાથાય નમઃ ।।

## કોઠારા (કચ્છ) મધ્યે બિરાજમાન મૈશેરી પરિવારના કુળદેવી

## શ્રી ચાંમુડા માતાજીની મુંબઈ (મુલુંડ) નગરે ચતુર્થ પહેડી પ્રસાદ પ્રસંગે....

## ભાવભર્યું નિમંત્રણ

કુળદેવી શ્રી ચામુંડા માતાજીની અસીમ કૃપાથી જેઠ વદ ૭ને રવિવાર **તા.૧૦-૬-૨૦૧૨**ના શુભ દિને સમુહ પહેડી પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આપ સર્વે ભાવિકોને સહપરિવાર પધારવા **આમંત્રણ** છે.

**શુભ દિન : તા ૧૦-૬-૨૦૧૨ જેઠ વદ ૭ ને રવિવાર સવારના ૯ થી ૨ કલાકે...**
**શુભ સ્થળ : શેઠ મોતીભાઈ પચાણ હાઈસ્કુલ, વી.પી.રોડ,**
**મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.**

આ શુભ પ્રસંગે કુટુંબની નિયાણી બહેનોને સહપરિવાર તથા આમંત્રિત મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**સંગીતકાર : પ્રીતીબેન ગોગરી અને કલાકારો**

**પહેડી-પ્રસાદનો લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર**

**માતૃશ્રી હીરબાઈ નરશી કાનજી મૈશેરી સમસ્ત પરિવાર (મોટી સિંધોડી-ડોંબિવલી)**

**શા. ધનપતી નરશી મૈશેરી - 09867603720 ● શા. ભાવેશ ધનપતી મૈશેરી - 09223218744**

**લી. શ્રી ચામુંડા માતાજીની પહેડી કમીટીના જય માતાજી**

(નોંધ : ચામડાની કોઈપણ વસ્તુ કે કાળા વસ્ત્રો પહરીને આવવું નહીં.)

## પ્રથમ માસિક શ્રધ્ધાંજલિ

જન્મ
૧૪-૭-૧૯૪૦



અરિહંતશરણ
૭-૫-૨૦૧૨

**સ્વ. નવિનચંદ્ર દેવજી મોમાયા**
**(રાણપર/લાલા - ડોંબિવલી)**

અંજલિ આપતાં શબ્દો ખુટે છે.
શ્રધ્ધાંજલિ લખતાં શબ્દો તુટે છે
કુદરતને ખોટ પડે છે ત્યારે...
માયાળુ માનવીનાં ખજાના લુટે છે!
પ્રભુ પરમાત્માં આપના દિવ્ય અને પવિત્ર આત્માને
શાંતિ અને મોક્ષ આપે એજ પ્રભુને પ્રાર્થના...

**માતુશ્રી કુંવરબાઈ હીરજી નરપાર છેડા**
**એવમ્ ભગવતી રોડલાઈન્સ પરિવાર**
**(જસાપર-સુરત)**


"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

## મહાવીર સારીઝ-માટુંગા

- પ્યોર સીલ્કમાં એમ્બ્રોડરી વર્ક તેમજ પ્રીન્ટેડ સીલ્ક સારીઝ
- પ્યોર સીલ્ક હેવી પટોળા તથા આશાવલી
- પ્યોર પ્રીન્ટેડ ઈટાલીયન ક્રેપ તથા પ્રીન્ટેડ પ્યોર જ્યોર્જટ
- સેમી સીફોન તથા જ્યોર્જટમાં વુવન જરી તેમજ બ્લોક પ્રીન્ટ સારીઝ
- વોશેબલ સીલ્કમાં કાથાવર્ક તથા પ્રીન્ટેડ સીલ્ક
- ડેઈલી વેર પ્રીન્ટેડ સીન્થેટીક તેમજ કોટન સારીઝ

**મહાવીર સારીઝ**

મહાવીર બીલ્ડીંગ કંપાઉન્ડ, ભંડારકર રોડ,
માટુંગા (સે.રે.), મુંબઈ-૪૦૦૦૧૯.
ફોન : 022 - 2402 1818
(રવિવાર બંધ)

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

# આભાર

જય જિનેંદ્ર,

ચિ. વિજયકુમાર લીલાધર લાપસિયા ના વરસીતપ પારણા નિમીત્તે તા. ૨૨, ૨૩, ૨૪ એપ્રિલ ૨૦૧૨ ના સંપન્ન થયેલ ત્રિ-દિવસીય મહોત્સવમાં પધારેલ સર્વે સગા સંબંધીઓ, સ્નેહિઓ, મહાનુભવો, વિદ્ધીકાર કેશવજી ભાઈ ધારસી ગડા તથા સંગીતકાર મહેશ કારાણી એન્ડ પાર્ટી જેઓ પોતાના વ્યસ્ત જીવનમાંથી સમય કાઢી નાંદેડ પધાર્યા અને ઉપરોક્ત કાર્યક્રમમાં હાજરી આપી અવસર ને દિપાવ્યો. નાંદેડ જેવા શહેરમાં તડકો તથા ગર્મીની પરવા કર્યા વગર દરેક કાર્યક્રમમાં હાજરી આપી અમારો આનંદ દ્વિગુણીત કરી પોતે પણ આનંદ માણ્યો તેઓનું ખરા અંતઃકરણ થી અમો આભાર માનીયે છીએ.

અમો સદા ઋુણી રહેશું શ્રી નાંદેડ શ્વેતાંબર મુર્તીપુજક જૈન સંઘ તથા સંઘના સર્વે કાર્યકર્તા ભાઈઓનું કે જેઓએ આ ત્રિ-દિવસીય મહોત્સવ ને સફળ બનાવવા રાત-દિવસ અમારી સાથે રહી તથા દરેક કાર્યક્રમમાં સમય પુર્વ હાજર થઈ જવાબદારી થી સંપુર્ણ કાર્ય પાર પાડવામાં અમારી મદદ કરી.

અમારા આમંત્રણ ને માન આપી પધારેલ સર્વે મહેમાનોની રહેવાની, જમવાની તથા આવવા-જવાની સુંદર વ્યવસ્થા કરેલ છતાં પણ વ્યવસ્થામાં કંઈ ખામી રહી ગઈ હોય તો અથવા અમારા થી એવમ્ સંઘના કાર્યકર્તા ભાઈઓથી આપનું મન દુભાયું હોય તો અમો ખરા દિલ થી મિચ્છામી દુક્કડમઃ માંગીએ છીએ.

અમો આભારી છીએ નાંદેડ ગુજરાતી શિક્ષણ સંસ્થાની કારોબારી સમિતી તથા ક્લેરિકલ્ સ્ટાફ તથા સેવક વર્ગ કે જેઓએ પણ ખરા દિલ થી આ કાર્યક્રમ ને સફળ બનાવવા અમારી મદદ કરી.

**- ક્ષમાપ્રાર્થી -**

*માતુશ્રી: લાખબાઈ લીલાધર લાપસિયા*

*સુપુત્રો: રમેશચંદ્ર-સુભાષચંદ્ર-વિજયકુમાર-હિમ્મતલાલ-પંકજકુમાર*

*પુત્રવધુઓ: રમીલા-સુમન-હંસા-રેખા-વિશાખા*

*એવમ્ સમસ્ત લાપસિયા પરિવાર નાંદેડના સાદર જય જિનેંદ્ર*

## ચર્ચાને ચોતરે

વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### "અનંતછાયા"

હમણાં જ્ઞાતિમાં "અનંતછાયા" બાબતે જાતજાતના વાદવિવાદ અને ચર્ચાઓ ચાલી રહી છે. પરંતુ કોઈ નક્કર વસ્તુ કે વાત બહાર આવતી નથી, શું ટ્રસ્ટબોર્ડ કોઈ પણ વાતનો ખુલાસો જ્ઞાતિ સામે કરવા નથી માંગતું? કે કોઈ વસ્તુને ઢાંકપીછેડો કરવા મથે છે? આટઆટલો ઉહાપોહ થવા છતાં ટ્રસ્ટીઓ જ્ઞાતિ સમક્ષ શાં માટે આવતા નથી? કે મનનું ધાર્યું કરવું છે? કોઈની સલાહ, સુચન લેવા નથી માગતા?

ટ્રસ્ટીઓ એમ કહે છે કે અમે કશું નવું કર્યું નથી. આગલા ટ્રસ્ટબોર્ડે કરેલ બાબત આગળ ધપાવી છે. પરંતુ આ વાત સ્વીકારી શકાય નહીં. આગલા ટ્રસ્ટબોર્ડે કરેલ એમ.ઓ.યુ. ચેરીટી કમીશ્નરની પરવાનગીને આધીન હતું. એટલે આ ટ્રસ્ટબોર્ડે એ એમ.ઓ.યુ.ચેરીટી કમીશ્નર પાસે મૂક્તી વખતે પોતાની સ્વતંત્ર રીતે તેમાં જે ભૂલો હોય એટલે કે જે મુદ્દાઓ ટ્રસ્ટ અને લાભાર્થીઓના હિતમાં ન હોય તે પ્રત્યે ચેરીટી કમીશ્નરનું ધ્યાન દોરી, તે એમ.ઓ.યુ. રદ કરવા કે તેમાં જરૂરી ફેરફાર (વધારાની વેચાણ કિંમત સહિત) કરવા કે ફરીથી નવી ઓફરો મંગાવવા સૂચન કરી શક્યા હોત. હકીકતમાં વર્તમાન ટ્રસ્ટીઓએ નવી ઓફરો મંગાવી જ હતી. જે કરાર ચેરીટી કમીશ્નરની મંજુરીને આધીન હોય તે જો ખામીભર્યું લાગે કે ટ્રસ્ટના હિતમાં ન જણાય તો તે નવા આવનાર ટ્રસ્ટીઓને તો શું, જેમણે એવો ખામીજનક કરાર કર્યો હોય તે ટ્રસ્ટીઓને પણ રદ કરવા પૂરેપૂરો અધિકાર છે અને તે મુજબ ભલે ચેરીટી કમીશ્નરમાં કાર્યવાહી ચાલુ થઈ ગઈ હોય તો પણ તે ટ્રસ્ટના હિતમાં રદબાતલ કરાવી શકાય છે. ચેરીટી કમીશ્નર પણ આવા કરાર અટકાવી શકે છે.

વાત અહીં અટકતી નથી. કાલે કોઈ પણ જ્ઞાતિજન કોર્ટમાં જઈ ખુલાસો માંગશે તો ટ્રસ્ટીનો શું કરશે? હાઈકોર્ટ કોઈની શેહ રાખતું નથી. તેથી હજી પણ વખત છે કે ટ્રસ્ટીએ, જ્ઞાતિના અગ્રણીઓ અને આ બાબતના નિષ્ણાતોની સાથે બેસી આ વસ્તુનું પૃથકરણ કરે તો જ જ્ઞાતિ હાંસીપાત્ર દશામાંથી બચી શકશે.

ત્રીસ વરસ પહેલાં આપણે અનંતદિપ ચેમ્બર્સનો આખો પ્લોટ રૂ.૨૭,૦૦૦ માસિકના ભાડાપેટે જગ્યા આપેલ આજે શું પરિસ્થિતી છે? આજે ત્યાંથી એક ઓફિસના ભાડા જેટલી રકમમાં આપણે આખી જમીન આપી દીધી એવું બન્યું છે. પસ્તાવો જરૂરથી થતો હશે! જેમણે આ કામ પાર પાડયું હશે તેમને. (અગર જીવતા હશે તો) કાલે આવી પરિસ્થિતી "અનંતછાયા" માટે સો ટકા જશે જ. જગ્યાના ભાવ ક્યાંથી ક્યાં પહોચે છે તેનો અંદાજ ટ્રસ્ટ બોર્ડના સભ્યોને હશે જ.

સરકારના રેડી રેકનરમાં ૨૦૧૦ના વર્ષમાં "અનંતછાયા"ના વિસ્તારના જે ભાવ (૫૮૩૦૦) હતા તે હવે ૩૫% વધ્યા (૮૦,૫૦૦) છે. એટલે જો વર્તમાન ડેવલપર ત્રણ ચાર વર્ષે પ્રોજેક્ટ પૂરો કરશે ને દરમ્યાન ભાડુતોને નવા ફ્લેટનો કબજો આપશે ત્યારે ઓછામાં ઓછા ૬૫% ભાવ વધી ગયા હશે! ટ્રસ્ટીઓએ સપ્ટેમ્બર ૨૦૧૧માં આ સોદો કર્યો તેને હવે નવ-દસ મહિના થયા છે. આમ જોતાં, શું ટ્રસ્ટીઓ, ચેરીટી કમીશ્નરને તેમની અરજીની સુનાવણી વખતે સૂચિત કરશે કે એ ૪૫ કરોડની વેચાણ કિંમત હજી પણ વધવી જોઈએ? શું ટ્રસ્ટીઓ આમ દસ-બાર મહીના વીત્યા હોવાથી, ચેરીટી કમીશ્નરને ફરીથી નવી ઓફરો મંગાવવા રજુઆત કરશે કે જેથી હજી વધારે કિંમત ટ્રસ્ટને મળે?

હજી મોડું નથી થયું આ જગ્યા તમે લીઝ પર આપો, ભાડું નજીવું રાખો, જેથી બિલ્ડરને કશો વાંધો નહીં આવે. જગ્યાની માલીકી ટ્રસ્ટની રહેશે. કાલે FSI કે TDR જે કંઈ પણ વધે તેનો ફાયદો ટ્રસ્ટને જશે. ભાડુતો સચવાઈ રહેશે. ફક્ત જ્ઞાતિજનોને જ જગ્યા વેચી શકે એવી કલમ રાખીએ જેથી ભવિષ્યમાં બીજા વિવાદ અટકે. જમીનનું વેચાણ થતું નથી તેથી જ્ઞાતિજનોને પણ કશો વાંધો રહેશે નહિં. આજે તમે ૯ કરોડથી ૪૫ કરોડ સુધી લાવ્યા તે વાત પ્રશંસાપાત્ર છે પણ નજીકના વર્ષોમાં ૪૫ના ૧૫૦ મળી શકે છે-એમ વિચારો. અગર જમીન આપણી હશે તો.

તેવી જ રીતે જ્ઞાતિ ભાડુતો જ્યારે પણ વેચે તેના ૨૫% કે ૩૦% ટ્રસ્ટને આપે તેવી જોગવાઈ કરવી જોઈએ જેથી ટ્રસ્ટને આવક પણ થશે. જ્ઞાતિના બિલ્ડરોને પણ સમજાવી એમને ડેવલપ કરવા આપી શકાય, અગર એમની ઈચ્છા હોય તો.

હજી પણ ચેરીટી કમીશ્નર સમક્ષ ટ્રસ્ટીઓની અરજી વિચારણા હેઠળ છે. ત્યારે ટ્રસ્ટીઓ, જ્ઞાતિના અગ્રણીઓ અને નિષ્ણાતો સાથે વિચાર-વિમર્શ કર્યા પછી યોગ્ય રજુઆત કરે જેથી "અનંત-છાયા"નું વેચાણ કરવાની જરૂર નહીં રહે.

*પુના ૨૮-૫-૨૦૧૨* — *શરદ નાગડા (શાહ)*

## WRONG DEVELOPMENT POLICY OF MUMBAI MAHAJAN

In November 2021, the 9 (nine) Trustees of Shri Anantnathji Maharaj Trust decided to Sell 'SHREE ANANT CHHAYA COMPLEX' built on One Acre Land in Ghatkopar East in the Centre of Mumbai City from Temple Funds to a Ghoghari Jain Developer for 45 Crore Rupees which is morally wrong and detrimental to the Unity of the KDO Community All) over this City, the Parsies, Vohras, Khojas, Marwaris, Kapols, Bhatias, Lohanas and other Communities have built several housing complexes, temples, hospitals, colleges, schools, hostels, multipurpose halls, etc. and their trustees have expanded the facilities for their Gnatijans but NEVER sold their land to outsiders. Even today, Pansies rent out their flats to newly married couples and the Gujaraties carry out Cultural Activities in Bhavan's Chowpatty and Andheri complexes.

By giving ownership rights to the 104 families (which includes one trustee) living in Anant Chhaya, it will only encourage many of them to sell out their flats to outsiders at huge profit and leave the Temple & Upasara there to be used by others, ruining the exclusive KDO character of the premises. Therefore, the Trustees must modify the terms of their MOU to keep the ownership of the land arid the developed property with the trust.

Ofcourse, ideally if sincere efforts are made by the trustees to consult leaders of the community in transparent manner, then it is not impossible to raise our own funds and can have on the said land, a KDO PRIMARY & HIGH SCHOOL, JUNIOR COLLEGE, ARTS/ SCIENCE/ENGG. College, HOSPITAL and DISPENSARY, CULTURAL & MARRIAGE HALL, SEPERATE BOYS AND GIRLS HOSTELS ABOVE A SPORTS COMPLEX WITH SWIMMING POOL, GYM, INDOOR & OUTDOOR Courts for Tennis & Badminton; Table Tennis, Chess, Carrom, Cards, a RELIGIOUS AND GENERAL LIBRARY & READING ROOM FOR ALL KDO's & Cafetaria and Garden for Children and Senior Citizens.

The Trustees should have the foresight convert into reality the VISION we Senior Citizens had dreamt of 50 YEARS back. KDO Community has the largest no. of C.A., M.B.A., MBBS, CIVIL ENGINEERS, ARCHITECTS and they should all help in implementation of the above project.

The Trustees must justify the confidence placed in them by the Community. They can not afford to forget that in the times of Inflation, Rupees One crore collected today will be worth Rs.1 Lakh after five years but the value of Land will go up five times in this period.

***Matunga 29-5-12 - Ratilal Valjibhai Khona***

### અભિનંદન ... અનુમોદના....

"પ્રકાશ-સમીક્ષા" અંક નં.૨૧માં ગૃહઉદ્યોગ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે જે અપીલ કરવામાં આવી છે. એ ખરેખર પ્રશંસનીય છે. ગૃહ બનાવટની વસ્તુઓ લેનાર અને વેચનાર બન્ને માટે વચ્ચે સેતુ માધ્યમ બનીને જ્ઞાતિપત્ર પ્રકાશ-સમીક્ષાએ ઉત્તમ કાર્ય કર્યું છે. જ્ઞાતિજનો આ યોજનાનો લાભ લે.

જ્ઞાતિપ્રવાહનાં માધ્યમ દ્વારા નિષ્પક્ષપાણે જ્ઞાતિ સમાચારોનું નિયમિત કવરેજ થાય છે. એ સુંદર જ્ઞાતિસેવાની અનુમોદના. ભવિષ્યમાં પણ પત્ર માધ્યમ દ્વારા જ્ઞાતિ ઉત્કર્ષના આવા શુભ કાર્યો થતા રહે એજ શુભકામના સહ...

*મલાડ : ૩૦-૫-૧૨ - દિનેશ રતનશી મૈશેરી*

**કલા-કસબ અને કલરનો અનોખો સમન્વય**

Silk Saree Emporium

૧૩૪/૩૬, બીજે માળે, ખાદીભંડાર ઉપર,
ખારા કુવા સામે, ઝવેરીબજાર, મુંબઈ-૪૦૦૦૦૨.
ફોન : 22413995 / 22402786
Email : jyotisse@g.mail.com

***Sachi Jari Mate Real Nam***

## ઝૂકી તો જવાય ને ?

### "ગુલાબ" સુગંધે મહેક્યો !

પાલીતાણાના પટ્ટાંગણમાં અજિત-શાંતિ પુનઃ પ્રતિષ્ઠાએ લાભાર્થી માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવારના આમંત્રણે શ્રધ્ધા-ભક્તીના પુર ઉમટ્યા હતા. પ્રસંગની અનુમોદનાર્થે ભાવિકો તળેટીએ તથા દાદા દરબારે સુકૃતની લક્ષ્મીને સિધ્ધાચલ લક્ષ્મી કરી, ભાવોલ્લાસના દ્રશ્યો સાથે એક જ્ઞાતિબંધુને ભક્તિભાવના ઉછળતા રંગે રંગાયેલા નજીકથી નીરખ્યા! બે હાથ પહોળા કરીને, હાથ જોડીને ઉછળતા કુદતા હતા. વિચાર્યું અહો, આ મારી જ્ઞાતિનું નવલું નજરાણું! લાભાર્થી કરોડો ખરચેને હું કેમ બાકી? કંઈક તો કરું જ. પ્રતિષ્ઠા પ્રસંગનું વીરલ દ્રશ્ય એટલે દાદાની રથયાત્રા! સેંકડો આકર્ષણો, સંખ્યાબંધ કલાકારોના કાફલા એકને આંખમાં સમાવીએ ત્યાં બીજું આવે! વીરતીના ભાવે છલછલ થાતા દિક્ષાર્થીઓ! લોકો વરસીદાન લેવા દોડતા હતા. ત્યારે આ જ્ઞાતિજન દરેક દિક્ષાર્થીના વરસીદાન કરવા બબ્બે મીંડાની નોટોએ (૧૦૦ની) મુઠી ભરતા રહ્યા! અને હર મંડળી સાથે નાચી કૂદી ભાવિકોને નોટો આપતા રહ્યા. પ્રોત્સાહિત કરી કંઈક કર્યાનો આનંદ લૂંટતા રહ્યા. ના પ્રસિધ્ધિ, ના કંઈ આપ્યાની પહોંચ! સૌ જાણો છો તેમ કેટલા આકર્ષણો હતા? કોઈને બાકી રાખ્યા નહીં. બાળ કલાકારો હાથ લંબાવે અને મુઠ્ઠી ભરી દેતા અંતે અઢાર અભિષેકે બાબુના જિનાલયે સેંકડો ભક્તોને ટપી જઈ આરતી ઉતારવાનો ઉછામણીએ શ્રેષ્ઠ લાભ લઈ. ઉપસ્થિતોને પણ આરતીનો લાભ આપ્યો.

આવા કદરદાન કચ્છી માડૂ હતા મૂળ કુવાધ્ધરના હાલ હૈદરાબાદ રહેતા **શ્રી ગુલાબચંદ પદમશી મોતા** સિધ્ધાચલમાં લાભાર્થી પરિવારની મુક અનુમોદનાએ આવી મઘમઘતા ગુલાબની ગૌરવભરી સુગંધે ઝૂકી તો જવાયને.

*- લહેરચંદ વેલજી મૈશેરી (ભાંડુપ)*


**મુશ્કેલ નથી સાથીની ખોજ**

યુવાન દિલોનું દિલ ધડકે, સાથીની ખોજ એમને સતાવે. તો બનો ચિંતામુક્ત હવે. આવો, અસાંજો કચ્છ ડોટ કોમની વેવિશાળ સેવામાં.... જ્યાં મળશે પસંદગીનો ફલક વિસ્તાર. તો આજે જ આપ આપના લાડકવાયા પુત્ર/પુત્રીઓનું નામ રજીસ્ટ્રેશન કરાવો.

**સંપર્ક : દિપક કારાણી**

**29674007 / 8 / 9 / 9969674905**

Registrar online on : www.asanjokutch.com/matrimonials


### કેડીઓ ક્લાસિકની ખરી સેવા

મને જણાવતાં હર્ષ થાય છે કે મારી ૭૮ વર્ષની વયે બન્ને આંખોના મોતિયાનું ઓપરેશન નિઃશુલ્ક તા.૧૧-૧-૧૨ અને ૧૮-૪-૧૨ના કેડીઓ ક્લાસિક દ્વારા તારાચંદબાપા હોસ્પીટલ, સાયનમાં ડો. દેવસ્થલેના હાથે બહુ સારી રીતે સફળ થયું.

અચાનક તા.૨૧-૪-૧૨ના મારી જમણી આંખમાં ઇન્ફેક્શન થઈ આવ્યું. તે જોઈ ડો. દેવસ્થલેએ તુરત નિષ્ણાંત ડો. નિશિકાંત બોરસે પાસે મને મોકલી અને એમણે સારવાર/દવા આપી એક અઠવાડીયામાં સારૂ કરી આપ્યું. આ સારવાર અને દવાનો ખર્ચ પણ કેડીઓ ક્લાસિકે આપ્યો! જે જોઈ મારાથી એ સેવાભાવ માટે ઝુકી જવાય છે અને હું એમની ઘણીજ આભારી છું. સંસ્થા માનવસેવાની સુંદર પ્રવૃતિ કરી રહી છે.

પ્રભુ આ સંસ્થાના સંચાલકોને લાંબુ આયુષ્ય બક્ષે જેથી તેઓ જ્ઞાતિસેવાના આવા ઉમદા કાર્યો દિર્ઘકાળ સુધી કરતા રહે.

*મધુરી બાબુભાઈ લોડાયા (માટુંગા)*

**અમે ઋણી છીએ**

અમારા **માતુશ્રી ગં.સ્વ. સરલાબેન પદમશી મુલજી ધુલ્લા (સુથરી-ઉમરખેડ)**ના તા.૪-૫-૨૦૧૨ શુક્રવારે ધુલીયા મુકામે અરિહંતશરણ પ્રસંગે સમાચાર સાંભાળતાંજ હાજર થઈ ખડેપગે વ્યવસ્થા સંભાળનાર ધુલીયાના જ્ઞાતિજનો અમારા દુઃખમાં સામેલ થઈ અમને બધી રીતે મદદરૂપ થયેલ. અમે ધુલીયા જ્ઞાતિજનો માટે ઋણી છીએ.

લિ.

**સૌ. રંજના દિનેશચંદ્ર કુંવરજી સાયલા** (મુલુંડ પૂર્વ)
**સૌ. મીનાબેન ડાહ્યાલાલ જીવરાજ મોમાયા** (સિરસી)
**સૌ. નિતા વસંત ઠાકરશી ગોસર** (ધુલીયા)
**શ્રી ગિરીશ પદમશી મુલજી ધુલ્લા** (ઉમરખેડ)

## પુણ્યનું પોટલું બાંધવાનું છે

જીવડા ખાલી હાથ આવ્યો ને ખાલી હાથ જવાનું છે
ઘણું જીવો ભલે કહીએ, આમે છેવટે સૌને મરવાનું છે
વિચાર કરીને જીવજે જીવ, તારે હજુ ઘણું કાર્ય કરવાનું છે
મદ, મસ્તીને તજીને ચાલજે, મનમાં ગભરાવાનું છે.
કાર્યો કરતાં કરતાં ભક્તિમાં મસ્ત બનવાનું છે.
સાચા કાર્યો પુણ્ય કરતા શા માટે સરમાવાનું છે
સાત સમુદ્ર ભલે સામે ઉભા, તારે જરૂર તરવાનું છે.
આશિર્વાદ છે અમ હૃદયના, તારે સુંદર જીવન જીવવાનું છે
બાંધ્યા કર્મો જલ્દી નથી છૂટતા, છેલ્લે પસ્તાવવાનું છે
જૈન ધર્મમાં જન્મ પામી છેલ્લે અરિહંત શરણમ કહેવાનું છે
સવારે ઉગે અને સાંજે અસ્ત થવાનું છે
ખીલ્યો સવારે એને સાંજે કરમાવાનું છે
મનથી જીવજે જીવડા, પુણ્યનું પોટલું બાંધવાનું છે
ખાલી હાથે આવ્યો જગમાં, ખાલી હાથ જવાનું છે
કુદરતને જે મંજુર છે એજ થવાનું છે
તો ચિંતા શેની અનીલ? ભક્તિ ગીત ગાવાનું છે
પાપ પુણ્યના વાજા વાગે, તારે પસંદ કરવાનું છે
શાંત ચિત્તે સુંદર લખજે "પ્રકાશ સમીક્ષા"માં છપાવાનું છે.

– ***અનિલ હીરાચંદ ધુમ*** (કોઇમ્બતુર)

## CHILD

If a child lives with criticism
He learns to condemn.
If a child lives with praise
He learns to appreciate.
If a child lives with hostility
He learns to fight.
If a child lives with tolerance.
He learns to be patient.
If a child lives with ridicule
He learns to be shy.
If a child lives with encouragement,
He learns confidence,
If a child lives with shame
He learns to feel guilty
If a child lives with approval
He learns to like himself
If a child lives with fairness
He learns justice.
If a child lives with security
He learns to have faith.
If a child lives with acceptance & friendship.
He learns to find love in the world.

## ટુંકી વાર્તા : વૃધ્ધાની શીખામણ

એક રાજાએ એક મોટો યજ્ઞ કરવાનો નિશ્ચય કર્યો. તેણે વિચાર્યું કે આ અવસરે રાજ્યના બધા ગામેમાંથી દુધ એકઠું કરી બ્રહ્મભોજ કરાવવામાં આવે. તેણે આદેશ આપ્યો કે નિર્ધારીત તિથીએ દરેક ખેડુત ભાઈએ પોતાના ઘરેથી દુધ લાવી મહેલની બહાર રાખેલા વાસણમાં નાખે. રાજાએ હુકમ આપ્યો કે તે દિવસે જેના ઘરે જેટલું દુધ હોય તે બધુંજ લઈ આવે રાજાના હુકમનું પાલન કરવામાં આવ્યું. સૌ કોઈએ એકપણ ટીપું દુધ પોતાના ઘરમાં ન રાખતાં બધુંજ દુધ મહેલની બહાર રાખેલ વાસણમાં નાખવા ગયા. રાજા દુધ જોવા આવ્યો તો વાસણને જોઈ હેરાની થઈ કે આખાય રાજ્યનું દુધ આવવા છતાં વાસણ અડધું પણ ભરાયું નથી. એણે સિપાહીઓને હુકમ કર્યો કે ગામેગામ જઈ દરેક ઘરેથી દુધ લાવવા કહ્યું. સિપાહીઓ દરેકના ઘેર ગયા પણ કોઇને ત્યાંય એમને દુધ ન મળ્યું તેઓ નિરાશ થઈ ખાલી હાથ પાછા ફર્યા. રાજા પણ અચંબામાં અને વિચારમાં મગ્ન હતો ત્યાંજ એક વૃધ્ધા નાનકડા લોટામાં દુધ લઈને આવી એણે પોતાનું દુધ મહેલની બહાર પડેલ વાસણમાં નાખ્યું કે વાસણ છલોછલ દુધથી ભરાઈ ગયું સૌ આશ્ચર્યચકિત થઈ આ દશ્યને નિહાળી રહ્યા. રાજાએ પેલી વૃધ્ધાને પુછ્યું શું તમને કોઈ જાદુ આવડે છે? વૃધ્ધા બોલી જાદુ વળી શું હોય મહારાજ! મેં તો તમારી આજ્ઞાનું પાલન એ નથી કર્યું. મેં સવારે ઉઠીને ગાયને દોહી પહેલાં તેના વાછરડાને અડધું દુધ પાયું. બાકી વધેલા અડધા દૂધમાંથી થોડું-થોડું કુતરા-બિલાડીને પાયું. વધેલું બધું દુધ મેં આપના વાસણમાં નાખી દીધું. રાજા ક્રોધિત થઈ ગયો અને બોલ્યો પણ તે આવું શા માટે કર્યું? તેં ભગવાનને બચેલું દુધ આપ્યું! વૃધ્ધા બોલી મહારાજ ભગવાનને પેટ ભરવું હોય તો ભગવાને પેદા કરેલ દરેક જીવોનું પેટ પણ ભરવું જોઈએ. આપે તો દરેક દરેક ઘરનું દુધ બધુંજ મંગાવી લીધું. આજે કેટલાય બાળકો દુધ વગર ભુખ્યા હશે? શું ભગવાન આવું દુધ પીશે? કદાચ એજ કારણે આપણું વાસણ ખાલી હતું. વૃધ્ધાની વાત સાંભળી રાજાની આંખ ખુલી ગઈ તેણે બધુંજ દુધ ઘેરઘેર પાછું મોકલી આપ્યું.

– ***સં. શાંતિલાલ રામજી લાલકા (હુબલી)***



## પાસ થયા – હાર્દિક અભિનંદન

**શ્રધ્ધા રાજેન્દ્ર લોડાયા**
ડોંબિવલી
H.S.C. - 82.5%

## મુંબઈ મહાજન દ્વારા જ્ઞાતિના વિદ્યાર્થીજગત માટે ઉપયોગી અનુમોદનીય કાર્યક્રમ
## શૈક્ષણિક સમિતિ અને Job Junction સમિતિના અંતર્ગત અભિનવ પ્રયોગ

મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે છેલ્લા બે વર્ષમાં જ્ઞાતિની સર્વાંગીણ પ્રગતિ માટે આયોજાયેલા વિવિધ કાર્યક્રમો/યોજનાઓ પૈકી એક ઉપયોગી ઉપક્રમ છે - જ્ઞાતિ વિદ્યાર્થીઓ માટે **શૈક્ષણિક સહાયતા માર્ગદર્શન.**

મુંબઈ મહાજનશ્રીની શૈક્ષણિક સમિતિની ટીમ દ્વારા **શ્રી હેમાંગ રાયચંદ ઘરમશી** (સુથરી-વરલી)ના નેતૃત્વમાં જ્ઞાતિછાત્રો માટે વિવિધ પ્રકારે શૈક્ષણિક શિષ્યવૃતિઓ-લોન શિક્ષણ ફી, ટયુશન ફી, પાઠયપુસ્તકો, નોટબુક, શૈક્ષણિક ઉપકરણો, બેંક લોન આદિ સ્વરૂપે સહાયતા ઉપરાંત ધો.૧૦-૧૨ માટે એપ્ટીટ્યુટ ટેસ્ટ, શૈક્ષણિક કારકીર્દી માર્ગદર્શન, ભાવિ આયોજન, કાઉન્સલીંગ, રાહત દરે ટયુશનવર્ગો, વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોના માર્ગદર્શક પ્રેરક પ્રવચનો, કેરીયર મેળા, પ્રવેશ માટે ગુજરાતી/કચ્છી જ્ઞાતિપ્રમાણપત્ર, બોર્ડીંગ પ્રવેશ, વિવિધ ટેકનીકલ-વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો/ડીપ્લોમા કોર્સ સંબંધી માર્ગદર્શન આદિ કાર્યોમાં ઉચ્ચતમ સહાયતા અને બહુમુલ્ય માર્ગદર્શન આપી જ્ઞાતિના છાત્રોને મદદરૂપ થઈને શૈક્ષણિકક્ષેત્રે પ્રાથમિકતા અને મહત્વ આપી સર્વથા ઉપયોગી અને અસરકારક પરીણામલક્ષી કાર્ય થઈ રહ્યું છે, જે અનુમોદનીય છે.

હાલમાં જ જ્ઞાતિનાં ધો.૯-૧૦-૧૧-૧૨નાં છાત્રો માટે ઉપયોગી માર્ગદર્શન શિબિર યોજાયું જેમાં વિદ્યાર્થીની એપ્ટીટ્યુડ ટેસ્ટ લેવાઈ અને તેમને તથા વાલીઓને કાઉન્સલીંગ કરી છાત્રની અભિરૂચિ અને ક્ષમતા મુજબ આગળના કોર્સ માટે અમુલ્ય માર્ગદર્શન અપાયું.

સામાન્યતઃ આજે વિવિધ શૈક્ષણિક કોર્સ અને ટુંકા/લાંબા ગાળાની શૈક્ષણિક કારકીર્દી ઉપલબ્ધ હોય છે. દિવસે દિવસે શિક્ષણ વધુ સ્પર્ધાત્મક બનતું જાય છે. માબાપનો અભિગમ તણાવયુક્ત, દબાણભર્યો અને અપેક્ષાભાવ વાળો થતો જાય છે. આજની ગ્લોબલ પરિસ્થિતિમાં ખરેખર થોભીને વિચારવાની જરૂર છે. ધો. ૧૦-૧૨ માં સામાન્ય ટકાવારી-ગુણાંકે ઉત્તીર્ણ થતાં છાત્રો માટે આગળની દિશા માટે ખાસ કોઈ માર્ગદર્શન કે વ્યાપ ન હોતાં વિદ્યાર્થી દિશાચુક કરી ગમે ત્યાં જોડાય છે અને તેની કારકીર્દીનું અમુલ્ય સમય/તબક્કાનું વેડફાટ કરે છે. કેટલાક યોગ્ય/ચોક્કસ દિશાસુચનના અભાવે નાપાસ થઈ કે નાશીપાસ થઈ પોતાનો અભ્યાસ છોડવાનો દુભાર્ગી નિર્ણય લે છે. આવું સામાન્યતઃ ચલણમાં જોવા મળ્યું છે. પુરતા અભ્યાસના અભાવે તે કંઈક કરવાનાં નિમિતે સહજ મળતી ટ્રાન્સપોર્ટ, દાણાબંદર કે અન્ય સામાન્ય નોકરીમાં જોડાય છે અને તે બે-પાંચ હજારની નોકરીએ ચડી જઈ પોતાના અમુલ્ય કેરીયરનું ધોવાણ કરે છે. જે આવનારા સમય માટે મોટું નુકશાન સાબિત થાય. યોગ્ય સમયે યોગ્ય માર્ગદર્શન અભાવે તેનો વિકાસ અહીં અટકે છે અને તે આગળ ભણવાને બદલે તેની, પરિવારની, જ્ઞાતિની અને સમગ્ર સમાજની પ્રગતિ અવરોધાય છે. આ સમયે ખરી દિશા જરૂરી હોય છે.

ઉગતા વિદ્યાર્થીને ધો.૯ થી જ પ્રવર્તમાન શિક્ષણક્ષેત્રની માહિતી અપાય, તેની શૈક્ષણિક કારકિર્દીનું યોગ્ય આયોજન થાય અને જરૂરી માર્ગદર્શન તથા સમાજ પાસેથી સહાયતા મળે તો વિદ્યાર્થી ખુબ સારું ભણીને આગળ વધી શકે. તે પરિવાર ઉંચે આવે અને પરીણામે સમસ્ત જ્ઞાતિ સ્વાવલંબી અને આર્થિક રીતે સક્ષમ બને જે સમાજની ખરી પ્રગતિ થઈ ગણાય.

જ્ઞાતિ છાત્રોને ઉગતા સમયે જ તેની ખરી શૈક્ષણિક દિશાનું માર્ગદર્શન મળે અને પોતાની પસંદગીની કારકીર્દીમાં આગળ વધવા જરૂરી સહાયતા મળે તો ચોક્કસ પરીણામજનક ધ્યેય હાંસિલ કરી શકાય

આવું એક આયોજન મુંબઈ મહાજન ઘડી રહ્યું છે. મહાજનશ્રીની શિક્ષણ સમિતિના ઉપક્રમે એવો સેમીનાર યોજાશે જેમાં **ધો.૯ થી ૧૨સુધીના છાત્રો**, તેમના **વાલીઓ** અને એ ઉપરાંત જેઓ **પોતાના ધંધા-નોકરી-વ્યવસાયમાં આગળ વધવા** ઉત્સુક હોય તેવા માટે જરૂરી માર્ગદર્શન, કાઉન્સલીંગ, કંઈક શીખવા અને તે મુજબ માર્ગદર્શન મેળવી પોતાના વ્યવસાય અને કલાને વધુ અસરકારકરીતે ઉપયોગમાં લઈ પ્રગતિ કરવા ઉત્સુક હોય એવા જ્ઞાતિજનોને પણ પધારવા આમંત્રણ છે.

આ સેમીનારમાં જ્ઞાતિછાત્રોને અને અન્ય લાભાર્થીઓને ટુંક સમયમાં કેમ આર્થિકસ્તર ઉંચે લાવી શકાય એવા કોર્સનું માર્ગદર્શન અને ઉપયોગી વિગત અપાશે.

આ ઉપરાંત નોકરી-રોજગાર વિનીમય કેન્દ્ર (Employment Exchange Beuro) ના માધ્યમે જરૂરીયાતમંદોને યોગ્ય નોકરી/ધંધા આપવા અને આપણા વ્યવસાયિકોને યોગ્ય સ્ટાફ આપવા રોજગાર આપ-લેની પ્રવૃતિનો શુભારંભ થશે. યોગ્ય, સક્ષમ, હોંશીયાર ઉમેદવારોની શોધમાં ઇચ્છુક જ્ઞાતિજનો **જોબ જંક્શન**નો લાભ લેવા સંપર્ક કરે. જેઓ નિમ્નસ્તરે નોકરી/વ્યવસાય કરે છે તેમને ઉચ્ચસ્તરે વિકાસ થાય તેવું ઉપયોગી માર્ગદર્શન (counselling) કરાશે. આ સેમીનારમાં વિવિધ નિષ્ણાંત વ્યવસાયિકો ઉપયોગી માર્ગદર્શન કરશે.

આ ઉપયોગી સેમીનાર નજીકના ભાવિમાં ગોઠવવાની ભાવના છે. આ આયોજનમાં બહોળા પ્રમાણમાં સૌ સંબંધિતો ભાગ લઈ કંઈક મેળવે અને જીવનમાં પ્રગતિ સાધવા નિષ્ણાતોના માર્ગદર્શનને સાર્થક બનાવે તેવી અપેક્ષા છે. દરેક છાત્રે/સભ્યે પોતાની માહિતી (Bio-data) નું રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

# સૃષ્ટિ સાથે માણસનો આત્મીય નાતો

– વિનોબા ભાવે

મને યાદ આવે છે મારું બાળપણ. હું જમવા બેસતો, ત્યારે મારી મા મને પૂછતી, "તુલસીને પાણી પાયું?" જ્યાં સુધી હું તુલસીને પાણી ન પાઉં, ત્યાં સુધી મા મને ખાવા નહોતી આપતી. બાળપણથી જ આ કેવા સારા સંસ્કાર મને મા તરફથી મળ્યા! ઝાડપાનની સેવા કર્યા વિના ખાવું નહીં.

ખાધા પહેલાં તુલસીના છોડને પાણી પાવું, ગાય અને કૂતરા માટે કાંઈક અલગ રાખવું અને ભારતીય સંસ્કૃતિનો વિચાર છે. તેમાં મૂળ વાત એ છે કે માણસ એકલો નથી, આ વૃક્ષ-વનસ્પતિ છે, પશુ-પંખી છે, એ બધાંનોય આપણે જે ખાઈએ-પીએ છીએ, તેમાં કાંઈક ને કાંઈક હિસ્સો છે, એવી ભાવના ભારતીય સંસ્કૃતિમાં રૂઢ થયેલી છે. આપણને આ જે મહાન વારસો મળ્યો છે, તેને કાયમ રાખવાની અને વધારતા રહેવાની જવાબદારી આપણા ઉપર છે. માટે આપણી ભારતીય સંસ્કૃતિનો આપણે ઉંડો અભ્યાસ કરવો જોઈએ.

**"ઈશાવ્સયં ઇદં સર્વમ્..."** ઈશાવાસ્ય ઉપનિષદનો આ પ્રથમ મંત્ર ભારતીય દર્શનના સારરૂપ છે. તેમાં ભારતીય સંસ્કૃતિનો નિચોડ આવી જાય છે. આ સમસ્ત સૃષ્ટિ ઈશ્વરમય છે, માણસે ત્યાગવૃત્તિથી જીવન જીવવાનું છે, બીજાની ભોગવૃત્તિની ઈર્ષ્યા કરવાની નથી-આવો ત્રિવિધ સંદેશ આ એક જ મંત્રમાં આપી દેવાયો છે. આપણા સમાજશાસ્ત્રનો આ પાયો છે. માણસે પોતાના ભોગને યોગમય કરવાનો છે. આપણે જો ભોગ પાછળ પડીશું, તો આપણી સંસ્કૃતિની વિરુદ્ધ જઈશું અને માર ખાઈશું.

આખીયે સચરાચર સૃષ્ટિ ઈશ્વરથી ભરી છે, કોઈ ચીજ તેના વિના ખાલી નથી. આટલું સમજીને આપણે બધું એને અર્પણ કરવું જોઈએ અને જે કાંઈ એની પાસેથી મળે, તે પ્રસાદ માનીને ગ્રહણ કરવું જોઈએ. મારું કાંઈ નથી, બધું ઇશ્વરનું છે, એવી ભાવના રાખવી જોઈએ. કોઈનાયે ધનની લાલસા રાખવી જોઈએ નહીં - આવો એક સંપૂર્ણ વિચાર, એક મહાન જીવનવ્યાપી સિદ્ધાંત આ નાનકડા મંત્રમાં બતાવી દીધો છે. ભારતીય સંસ્કૃતિનો આ અમૂલો વારસો છે. સૃષ્ટિ તરફ જોવાની અને માનવ-જીવન તરફ જોવાની એક સ્વસ્થ નરવી દૃષ્ટિ તેમાં જોવા મળે છે. આવી નીતરી નરવી જીવનદૃષ્ટિની દુનિયાને આજે તાતી જરૂર છે.

આ દેશમાં આપણે નદીઓને માતા માનીએ છીએ. આપણી કન્યાઓનાં નામ પણ ગંગા, જમના, ગોદાવરી વગેરે નદીઓનાં નામ પરથી રાખીએ છીએ. આપણે ત્યાં પાણી પ્રત્યે એટલી વિલક્ષણ શ્રધ્ધા છે કે જ્યાં-જ્યાં નદીઓ છે, ત્યાં આપણે તીર્થક્ષેત્ર ઉભાં કરી દીધાં છે. વૈદિક ઋષિઓને પહાડો ને પર્વતોથી સ્વચ્છ જલધારાઓ લઈને કલકલ કરતી દોડી આવતી નદીઓને જોઈ, પોતાનાં વાછરડાંઓ માટે દૂધ ભરેલાં આંચળો સાથે દોડી આવતી વત્સલ ગાયોની યાદ આવી જાય છે. ઋષિ નદીને કહે છે, "હે દેવી! દૂધ જેવાં પવિત્ર, પાવન, મધુર જળ લાવનારી તું ધેનુ જેવી છે. જેમ ગાય વાછરડાંને છોડીને જંગલમાં નથી રહી શક્તી, તેમ નદીઓ પણ પર્વતોમાં નથી રહી શકતી. તમે તરસ્યાં બાળકોને મળવા એકદમ દોડી આવો છો."

નદી ઈશ્વરની વહેતી કરુણા છે, અને ઈશ્વરની કરુણા સહુને સમાન રૂપે ઉપલબ્ધ છે. નદીઓ માટે આપણા દેશમાં અત્યંત પ્રેમ અને આદર રહ્યો છે. પુરાતન ગ્રંથોમાં એવા આશયનાં વાક્યો જોવા મળે છે કે નદીનું પાણી ગંદું કરવું એ પાપ છે. નદીને લોકમાતા કહી છે. "તમે માતા છો. પ્રેમાળ માતા સર્વોચ્ચ સ્તનપાન કરાવે છે, એવી જ રીતે હે દેવી, તમે અમને શિવતમ રસ દો!" શિવતમ એટલે અત્યંત શિવ, કલ્યાણકારી, શિવતમ રસ ઈશ્વરનો જ રસ છે. આવડી મોટી સંજ્ઞા નદીઓના જળને આપવામાં આવી છે!

પાણીમાં અખંડ પ્રવાહ, પરોપકાર, કરુણા, ઉદારતા, શીતલતા આદિ ઘણા ગુણ જોવા મળે છે. ગમે તેવો સંતપ્ત માણસ ઠંડા જળમાં સ્નાન કરતાં જ શાંતિ પામે છે, પ્રસન્નતા પામે છે. સંસ્કૃતમાં "પ્રસન્ન" શબ્દ નિર્મળના અર્થમાં વાપરવામાં આવે છે. સ્વચ્છ પાણીને "પ્રસન્નં જલમ્" કહે છે.

આપણા શાસ્ત્રકારોએ જળાશયોની પવિત્રતા બાબત ઘણા નિયમો બનાવ્યા હતા. પરંતુ આજે આમાંના એકેયનો અમલ નથી થઈ રહ્યો. ગંગાથી કાવેરી સુધી એક પણ નદી એવી નથી રહી. જેનું જળ પ્રદૂષિત ન થયું હોય, અને જેના કિનારે લોકો શૌચ માટે બેસતા ન હોય. આ સંજોગોમાં જળની સ્વચ્છતા અને નિર્મળતા માટે ફરી જબ્બર પુરૂષાર્થ કરવાની જરૂર છે. આ એક ધર્મકાર્ય મનાવું જોઈએ. સૂર્ય, નદીઓ, વિશાળ સાગર એ બધી પરમેશ્વરની જ વિભૂતિઓ છે. અને એ પાવન! ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે, કાંઈ ખબર નથી. જાણે ભગવાનનો દૂત જ છે! હિંદુસ્તાનમાં કેટલાય વાયુ સ્થિર હિમાલય પરથી આવે છે, કેટલાક ગંભીર સાગર પરથી. આ પવિત્ર વાયુ આપણા હૃદયને સ્પર્શે છે, આપણને જાગૃત કરે છે, આપણા કાનોમાં ગુંજે છે. પરમેશ્વરનો પ્રેમભર્યો સંદેશ આ વાયુ સાથે હર ઘડી આવી રહ્યો છે. ઋગ્વેદમાં આપણાં દેશની સીમા સિંધુથી પરાવત સુધીની માની છે. સિંધુ એટલે દક્ષિણ મહાસાગર અને પરાવત એટલે હિમાલયના પર્વતો. એક હિમાલય તરફથી અને બીજો સિંધુ તરફથી, એમ બે વાયુ આ ભારતભૂમિ પર વહે છે.

આવું જ નીલવર્ણ આકાશ છે. આકાશનો નીલ વર્ણ અવિરોધવૃત્તિનો સૂચક છે. આ નીલ વર્ણ આંખોને શાંતિ આપે છે. આકાશની આ શાંત વૃત્તિને કારણે આકાશને શૂન્ય નામ પણ આપવામાં આવ્યું છે. એમ પણ કહ્યું કે રામનું રૂપ નભ સમાન છે. આ જ આકાશમાં જ્યારે મેઘનું આગમન થાય છે, ત્યારે મેઘના દર્શનથી હૃદય ભરાઈ જાય છે. નિસર્ગની આ બધી વિવિધ ઘટનાઓ પ્રત્યે માણસ શી રીતે ઉદાસીન રહી શકે?

આપણે ત્યાં વેદકાળથી સંધ્યા-ઉપાસના ચાલી આવી છે. ખાસ કરીને સૂર્ય સાથે તેનો સંબંધ જોડાયેલો છે. આપણી અને સૂર્યની વચ્ચે એક નાતો છે. ઉપનિષદમાં એક વાક્ય આવે છે કે સૂર્યનાં કિરણો નાડીઓના માર્ગે હૃદયમાં પહોંચે છે. સૂર્ય અને હૃદય વચ્ચે એક રાજમાર્ગ બનેલો છે. અને તે દ્વારા અહીંથી ત્યાં આવ-જા થઈ શકે છે. જેમ સૂર્ય-કિરણો હૃદય સુધી પહોંચી શકે છે, તેમ હૃદય પણ સૂર્ય સુધી પહોંચી શકે છે. આનો અનુભવ મને તો થાય જ છે. મને ન કેવળ સૂર્ય બાબત આવો અનુભવ થાય છે. બલ્કે તારિકાઓ બાબતમાંયે આવો જ અનુભવ આવે છે. રાતે આકાશ-દર્શન કરતી વખતે એવો અનુભવ થાય છે કે તારિકાઓ અને આપણી વચ્ચેય કોઈક રસ્તો બનેલો છે.

આવો જ નાતો માણસનો વૃક્ષો સાથે પણ છે. જ્યાં સુધી વૃક્ષોનો સંબંધ છે, મારું માનવું છે કે કેટલાંક વૃક્ષોમાં ચેતના સુપ્ત છે અને કેટલાંક વૃક્ષો સમાધિસ્થ હોય છે. ક્યું વૃક્ષ સમાધિસ્થ છે, તે જાણવું મુશ્કેલ છે. જે વૃક્ષ નીચે બેસીને ગૌતમ બુદ્ધને બોધિ પ્રાપ્ત થઈ, તે એ સમાધિસ્થ વૃક્ષનું પરિણામ હતું. એમ મારું માનવું છે. જો કે આ તો કલ્પનાની બાબત છે. પરંતુ વૃક્ષ પણ ઉપાસનાનું સાધન તો છે.

આમ, સૃષ્ટિ સાથે આપણો ગાઢ નાતો છે. આપણે એક વિશ્વવ્યાપક શક્તિની ગોદમાં છીએ, એવી અનુભૂતિ આપણને થવી જોઈએ માની ગોદમાં બાળક કેવું નિશ્ચિંત હોય છે! એ વખતે જાણે એ દુનિયાનો બાદશાહ હોય છે. તમે ને હું પણ એવી જ રીતે વિશ્વંભર સૃષ્ટિ માતાની ગોદમાં પ્રેમ, વિશ્વાસ અને જ્ઞાનપૂર્વક જીવવાનો અભ્યાસ કરીએ. જે શક્તિના આધારે મારું આ આખું જીવન ચાલી રહ્યું છે, તે શક્તિનો મારે વધુ ને વધુ પરિચય કરી લેવો જોઈએ. તે શક્તિની મને ઉત્તરોત્તર દૃઢ પ્રતીતિ થવી જોઈએ. જેમ જેમ મને તે શક્તિનો અનુભવ થતો જશે, તેમ તેમ મારો વિકાસ થતો જશે.

પંડિત જવાહરલાલ નહેરુનું એક વાક્ય મને યાદ આવે છે. એક વાર વાતચીતમાં તેમણે મને કહેલું, અંગ્રેજીમાં બોલેલા-"નેશન્સ ડિકે, વ્હેન ધે લુઝ કોન્ટેક્ટ વિથ નેચર! એટલે કે, કુદરત સાથેનો સ્પર્શ નથી રહેતો, ત્યારે રાષ્ટ્ર ક્ષીણ થાય છે, તેનો ક્ષય થાય છે. એટલા વાસ્તે આપણો કુદરત સાથે, પ્રકૃતિ સાથે, ખેતી વગેરે સાથે સંબંધ હોવો અત્યંત આવશ્યક છે. માટે પ્રકૃતિનું સાંનિધ્ય છોડીને હું કાંઈ પણ કરવા તૈયાર નથી-જનસેવા કે વેદાધ્યયન પણ નહીં. પ્રકૃતિને છોડીને બીજું કાંઈપણ સ્વીકારવાની મારી તૈયારી નથી. ક્યાંય પણ ખુલ્લી હવામાં જાઉં છું, પહાડ-નદી-આસમાન તરફ જોઉં છું, તો મારા અંતર્ગત ભાવ ખૂલી જાય છે. ત્યારે આપણું દિલ ખુલ્લું હોય, તો ભગવદ્‌ભાવ, સદ્‌ભાવ સહેજે દિલમાં પ્રવેશી શકે છે.

એકનાથનું ભજન છે, "સાકર દિસે પર ગોડી ન દિસે" - સાકર દેખાય છે, પણ તેની મીઠાશ નથી દેખાતી. મીઠાશ તો ચાખવાથી જ સમજમાં આવે છે. એકનાથ સમજાવે છે કે પરમેશ્વર મીઠાશ છે, અને આ સૃષ્ટિ, આ બધા લોકો છે, સાકર, આપણી આંખોને સાકર (સૃષ્ટિ) દેખાય છે, પણ મીઠાશ (ઈશ્વર) દેખાતી નથી. પંરતુ સાકર વિના અવ્યક્ત મીઠાશને માણસ ન તો ચાખી શકે છે, ન તેની કલ્પનાયે કરી શકે છે. એટલા વાસ્તે તો મીઠાશે સાકરનું રૂપ લીધું છે. જીભથી સાકરનો સ્પર્શ ન કરીએ અને છતાં મીઠાશ ચાખીએ, તે સંભવ નથી. ઈશ્વરના આકલનના પણ આ જ હાલ છે. ઈશ્વર જ્યારે કોઈ ને કોઈ દશ્ય સ્વરૂપમાં આવે છે, ત્યારે જ તેનું આકલન કે ગ્રહણ થઈ શકે છે. આપણી સામે આ જે સમસ્ત સચરાચર સૃષ્ટિ છે અને માનવ-સમાજ છે, તે બધું જ કાંઈ પરમેશ્વરનું રૂપ છે. જેમ સાકરની મીઠાશ, તેમ આ બધામાં પરમેશ્વર છુપાયેલો છે. આને ગ્રહણ કરીશું, ત્યારે જ એને ગ્રહણ કરી શકાશે. આ સૃષ્ટિ, આ વિશ્વ જ ઈશ્વરનું પ્રત્યક્ષ બાહ્ય પ્રગટ રૂપ છે. ઈશ્વર અંદર છે. માટે "આંખ ન મૂંદો, કાન ન રૂંધો. બીજું કોઈ સામે ઉભું હોત, તો આંખ બંધ કરવી પડત; પરંતુ આંખો બંધ કરવાની જરૂર નથી, સાક્ષાત્ પરમાત્મા જ સામે ઉભા છે, બીજું કોઈ નહીં, નહીં તો પરમાત્માને જોવા માટે કેટલું કષ્ટ કરવું પડે છે! પલાંઠી વાળો, ટટાર બેસો, આસન લગાવો, આંખો બંધ કરો... આમાં કેટલી બધી તકલીફ ઉઠાવવી પડે છે! પણ કબીર કહે છે, "તનિક કષ્ટ નહીં ધારૌં, ખૂલે નૈન પહચાનૌં, હંસિ હંસિ સુંદર રૂપ નિહારૌં!"

આ સમસ્ત સૃષ્ટિ ઈશ્વરમય છે. એ પરમેશ્વરનું પ્રગટ સ્વરૂપ છે. માણસનો આ સૃષ્ટિ સાથે એકાત્મતાનો ઘનિષ્ઠ નાતો છે. માણસ સૃષ્ટિનો જ એક ભાગ છે, અને સૃષ્ટીનો એક અંશ છે. સૃષ્ટિ દ્વારા માણસના દેહનું ધારણ-પોષણ થાય છે, અને સૃષ્ટિ દ્વારા જ તેના હૃદયને પણ પોષણ મળે છે. સૃષ્ટિ એ માણસ માટે અન્નનો ભંડાર છે અને બોધનો ખજાનો છે. માણસ સૃષ્ટિમાંથી સીધો બોધ ગ્રહણ કરી શકે છે, અને આજ સુધી એ એમ કરતો આવ્યો છે. સૃષ્ટિના સાંનિધ્યથી ચિત્તની શુદ્ધિ થઈ શકે છે. માટે આપણે સમગ્રતામાં સમસ્ત વિશ્વને ઈશ્વરના રૂપમાં જોવું અને તેમાં તન્મય થઈ જવું. સૃષ્ટિ સાથે માણસનો આવો આત્મીય નાતો છે. ***(સંકલિત)***

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### સમસ્ત મહાજનના ઉપક્રમે દક્ષિણ ભારત પ્રવાસ

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના ઉપક્રમે તેનું પ્રતિનિધિ મંડળ જ્ઞાતિની જનજાગરણ સંપર્ક અભિયાનના આગળના ચરણમાં દક્ષિણ ભારતમાં કોચીન, કલીકટ, કોઇમ્બતુર, ચેન્નઈ, હૈદરાબાદ, બેંગલોર, હુબલી ગદગ આદિ વિસ્તારોમાં સ્થાનિક મહાજનના સહયોગે સભા ગોઠવી જ્ઞાતિ જનસંપર્ક કરશે અને સમસ્ત મહાજનના ઉદ્દેશ્ય, પ્રવૃતિ અહેવાલ અને ભાવિ આયોજન વિષે સંવાદ કરશે.

દરેક મહાજન પોતાની સ્થાપના, ઈતિહાસ, બંધારણ, પ્રવૃતિ અહેવાલ, બજેટ અને સંપર્ક સૂત્ર આદિ સર્વસામાન્ય માહિતીઓ સમસ્ત મહાજન પાસે નોંધાવે અને સાથ સહકાર આપે તો સમગ્ર જ્ઞાતિસ્તરે આપણી સામાજિક ક્ષમતા માટે આપણી જરૂરીયાતો અને પ્રાથમિકતાઓ માટે સર્વગ્રાહી આકલન તૈયાર કરી શકાય.

સમસ્ત મહાજનનું ટ્રસ્ટબોર્ડ અને મહાસમિતિની રચના પુર્ણ થઈ છે. મહાસમિતિમાં જે મહાજનોએ પોતાના પ્રતિનધિ નીમીને હજી ન મોકલ્યા હોય તેમણે એ કાર્યવાહીની પુર્તતા કરી લેવી અને પોતાના નામ-સરનામા-ફોન આદિ સંપર્ક સૂત્ર નોંધાવવા અનુરોધ કરાયો છે.

મહાસમિતિની બેઠક જુલાઈ૧૨માં મુંબઈ-ભાંડુપ ખાતે મળનાર છે. આખા દિવસનાં કાર્યક્રમમાં ટ્રસ્ટબોર્ડની અને મહાસમિતિની મીટીંગ, મુંબઈની જનસંપર્ક સભા અને જ્ઞાતિના ગૌરવ સમા કવિ "તેજ" ૭૫માં વર્ષમાં પ્રવેશતાં તેમનું ગૌરવ અભિવાદન વગેરે કાર્યક્રમ રહેશે. સર્વેને પધારવા હાર્દિક આમંત્રણ છે.

જન જાગરણ સંપર્ક અભિયાનમાં હવે મુંબઈ તથા મહારાષ્ટ્રના અમુક ઇસ્તાર બાકી રહે છે તેનો કાર્યક્રમ અવસરે ગોઠવાશે. સમસ્ત મહાજન સમગ્ર જ્ઞાતિને સ્પર્શતા પ્રશ્નો અંગે સમન્વય-સંકલનની ભૂમિકા ભજવશે. સમસ્ત મહાજનના લવાદપંચ સમક્ષ વ્યવહારિક પ્રશ્નો, છુટાછેડા અને અન્ય સમસ્યાઓના કોર્ટ બહારના નિષ્પક્ષ-ન્યાયી ઉકેલ માટે મધ્યસ્થરૂપે રજુઆત નોંધાવી શકાશે. બન્ને પક્ષોએ માહિતી નોંધાવી પરસ્પર બેઠકો દ્વારા જ્ઞાતિની રીતે વચલો માર્ગ ઉકેલવા લાભ લઈ શકાશે. સમસ્ત મહાજન માટે જ્ઞાતિજનોના વિચારો-મંતવ્યો-સુચનો આવકાર્ય છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-દલતુંગી

પૂ.સા.શ્રી દિવ્યગુણાશ્રીજી તથા કોટીગુણાશ્રી મ.સા.નું ચાતુર્માસ નાંદેડ મુકામે નક્કી થયેલ છે. પુજ્યશ્રીનો પ્રવેશ તા.૨૨-૬-૧૨ના સવારે ૮.૩૦ કલાકે શ્રી ચંદ્રપ્રભુ જિનાલયે, વઝીરાબાદ-નાંદેડમાં થાશે. સવારે ૭ કલાકે સ્વાગતયાત્રા પુર્ણા રોડથી વાજતે-ગાજતે નીકળી વઝીરાબાદ દેરાસરજીમાં પધારશે. સર્વે ગામવાસીઓને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ગદગ

તા.૭-૫-૧૨નાં સવારે ૯.૩૦ વાગે મહાજનશ્રી દ્વારા નિર્મિત ૩ ડ્રેસીંગ રૂમ, ૧ સ્ટોર રૂમ અને પહેલે મજલે પાર્શ્વગુણ પાઠશાળા હૉલનું વિધિવત ઉદ્‌ઘાટન કરવાનો કાર્યક્રમ, વાસ્તુ શાંતિસ્નાત્ર પૂજા ભણાવી કરવામાં આવેલ.

શ્રી સ્નાત્રમંડળ અને શ્રી પુણ્યગુણ સામાયીક મંડળની બહેનોએ ભક્તિભાવપૂર્વક સ્તવન, દાંડીયા-ગરબાની રમઝટ સાથે પૂજા ભણાવેલ. સદર મકાનનાં બાંધકામ અને દેખરેખની સંપૂર્ણ જવાબદારી કાર્યકર શ્રી વિપિન રતીલાલ મોતાએ સંભાળેલ. પૂજા બાદ શ્રીફળની પ્રભાવના કરવામાં આવેલ.

સવારનાં ૧૧ વાગે શ્રી સી.ડી.ઓ. જૈન ઇંગ્લીશ મિડિયમ સ્કુલમાં શ્રી સરસ્વતી દેવીની આરસપાણની




રાપરગઢ તીર્થે ૧૨૦મા ધ્વજારોહણ પ્રસંગે સમસ્ત જ્ઞાતિને હાર્દિક વધામણાં..

**ABDASA (KACHCHH) GUASHALA TRUST**

**(Trust Regn. No.E-2071 - Kachchh • P.A. No.AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia)
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 Tel. : (02831) (952831) 273256

Mumbai Office : 602-B, Prem Nagar No.6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel.: 2893 6173 / 2890 4500



સુંદર મૂર્તિની સ્થાપનાનો કાર્યક્રમ રહેલ જેમાં પૂજાનો લાભ શ્રીમતી દક્ષા અને શ્રી સુધીર જવેરચંદ સોનીએ લીધેલ. આ શુભ પ્રસંગે શ્રીમતી ઇન્દુમતીબેન જવેરચંદ સોની તરફથી શાળાને રૂ.૫૦૦૧/- ભેટ મળેલ. પૂજા બાદ સકળ સંઘને સ્વામિવાત્સલ્ય બેઉ સંસ્થા તરફથી રાખવામાં આવેલ.

## રાપરગઢસંઘનું ભુજ સ્ટેશને સ્વાગત

અબડાસા નૂતન પંચતીર્થીનાં રાપરગઢવારી તીર્થે શ્રી ગોડીયા પાર્શ્વનાથજી જિનાલયની ૧૨૦મી વર્ષગાંઠ નિમિત્તે ત્રિદિવસીય મહોત્સવ પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. અને પૂ.સા.શ્રી મહાયશાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં ઉજવાઈ રહ્યો છે.

મહોત્સવની ઉજવણીમાં જોડાવા મુંબઈથી ૪૫૦ જેટલા ભાવિકો માદરે વતન રાપર ગઢવારી પધારતાં ભુજ રેલ્વે સ્ટેશને ઢોલ-શરણાઈનાં સૂરો સાથે રાપરગઢવારી જૈન મહાજન, ક.દ.ઓ. જૈન કચ્છ એકમ, તથા શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા શ્રી કલ્પેશ મોતા, મેહુલ મોતા, પ્રબોધ મુનવર અને હીરાચંદ છેડાએ સ્વાગત કર્યું હતું.

પ્રથમ દિવસે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન માતુશ્રી વેલબાઈ લઘુભાઈ લોડાયા પરિવાર તરફથી યોજાયું. ૧૦૮ દિવડાની ઝગમતી રોશનીથી જિનાલય ઝળહળી ઉઠયું હતું. શ્રી વિશાલ પંડિતના સંગે ધાર્મિક પ્રશ્નોત્તરી સાથે રાત્રે સંગીતમય ભક્તિ ભાવના યોજાઈ હતી.

તા.૨૯-૫ સવારે માતુશ્રી ગુણવંતી ભોજરાજ નાગડા પરિવાર દ્વારા પરમાત્માના અઢાર અભિષેક યોજાયા. પરમાત્માનાં રંગમાં રંગાઈ જવા મહેંદી રસમ, સંગીતમય ભક્તિ ભાવના તથા રાત્રે ૮.૩૦ કલાકે ખુશમીતા મુકેશ મહેતા પરિવાર દ્વારા (બંદોલી) શોભાયાત્રા કાઢી ગામને પ્રદક્ષિણા અપાઈ. ગામ અબીલ-ગુલાલથી રંગાયું.

તા.૩૦-૫ સવારે ૯.૩૦ કલાકે સત્તરભેદી પૂજા તથા ધ્વજારોહણ વિધિ, સવારે ૧૧.૩૦ કલાકે સન્માન સમારોહ, શ્રી સિદ્ધાચલજી તીર્થે યોજાયેલ શ્રી અજીતશાંતિ જિનકુલિકાઓના પુનઃપ્રતિષ્ઠા મહોત્સવના લાભાર્થી માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવારનું અભિવાદન, ધ્વજા મહોત્સવના આધારસ્તંભ દાતાઓ અને અન્ય લાભાર્થી દાતાશ્રી પરિવારોનું સન્માન, માતુશ્રી તારાબેન માણેકજી મોતા, માતુશ્રી જયાબેન પદમશી મૈશેરી, માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી, માતુશ્રી દેવકાંબાઈ દેવજી નાગડા, માતુશ્રી વિજયાબેન કુંવરજી લોડાયા પરિવારોએ વિવિધ લાભો લીધેલ.

તા.૩૦-૫ના આંખા દિવસની સ્વામિવાત્સલ્ય ભક્તિનો લાભ શેઠ ચીમનલાલ દામજી મોમાયા (સેંઘવા-બારોઈ) લીધેલ.

મહોત્સવને સફળ બનાવવા શ્રી રાપર ગઢવારી-નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ તથા યુવક-મંળ મહિલા મંડળનાં સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ જહેમત ઉઠાવી.

ભુજ રેલ્વેસ્ટેશને ઢોલ-શરણાઈના સુરે સંઘનું સ્વાગત કરવામાં આવ્યું.

## પૂ. શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.નું ચાતુર્માસ આકોલા

ગુરૂ ગુણ શતાબ્દિ વર્ષે અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાથી મહાતપસ્વી પૂ. મુનિપ્રવર શ્રી ધર્મપ્રભસાગરજી મ.પૂ., મુનિ રાજશેખરસાગરજી મ.પૂ. મુનિશ્રી ધર્મશેખરસાગરજી મ.આદિ ઠાણા-૩ સં. ૨૦૬૮નું ચાતુર્માસ આકોલાનગરે, શ્રી સંભવનાથ જિનાલયના ઉપક્રમે નિર્ધારીત છે.

પૂજ્યશ્રી મુંબઈથી વિહાર કરી દેવલાલી, બલસાણા નેર, ધૂલીયા, પારોલા, અમલનેર, જલગામ, ભૂસાવળ, મલકાપૂર, ખામગામ થઈ શેગાંવ મધ્યે વરસીતપ પારણા પ્રસંગે નિશ્રા પ્રદાન કરી, ધર્મલાભ આપેલ પૂજ્યશ્રી આકોલા નગરે ચાતુર્માસ પ્રવેશ તા.૨૧ જૂન૧૨ના સવારના શુભ મુર્હતે કરશે. સકલ શ્રી સંઘને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

## વિશ્વ તમાકુ વિરોધી દિન

તા.૩૧ મેના વિશ્વ તમાકુ વિરોધી દિન નિમિતે દેશભરમાં સરકાર તથા સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓએ તમાકુ વ્યસન છોડવા વિવિધ પ્રકારે જનજાગૃતિ કાર્યક્રમો યોજયા હતા. દિનપ્રતિદિન યુવાઓમાં તમાકુ, ગુટકા અને

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708•25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

દાદાગુરૂ પૂ.આ.ભ.શ્રી આર્યરક્ષિતસૂરીજી દ્વારા અચલગચ્છ (વિધિપક્ષ) પ્રવર્તનની નવમી શતાબ્દિ તથા પૂ.ગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણસાગરસૂરીજીની જન્મશતાબ્દિએ પૂજ્યશ્રીઓને ગચ્છ ઉત્થાનમાં ઉલ્લેખનીય યોગદાનની અનુમોદના-વંદના...

હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે વર્ષોથી સતત તમારી સાથે... તન-મન ટુર્સ

SHIKHARJI Continental
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

અન્ય વ્યસનો ફેલાતા જાય છે અને તમાકુની સ્વાસ્થ્ય પર ગંભીર અસર થાય છે. તમાકુ સેવન કેન્સરજન્ય રોગને આમંત્રે છે એ દુષણથી બચવા તમાકુ ત્યજવા વિવિધ કાર્યક્રમો દ્વારા અપીલ કરાઈ હતી.

જ્ઞાતિના ડો. જાગૃતિબેન ચશમાવાલાએ સાંજે પાંચ વાગ્યે ઓલ ઈન્ડીયા રેડીઓ પર સંવાદિતા કાર્યક્રમમાં તમાકુને તિલાંજલિ કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો, તેઓ જાણીતા ઓર્થોડોનિસ્ટ છે અને વ્યસન મુક્તિ અંગે સુંદર કાર્ય કરી રહ્યા છે.

### શ્રી કુમાર બાબભાઈ દંડની નવી ઓફિસ

જાણીતા સામાજિક કાર્યકર શ્રી કુમાર બાબુભાઈ દંડની વ્યવસાયિક નવી ઓફિસ ભાંડુપમાં સ્ટેશન નજીક ડીમ્સ ધ મોલનાં શોપીંગ સેન્ટરમાં તા.૨૬-૫-૧૨ના શરૂ કરાઈ છે. આ પ્રસંગે જ્ઞાતિની વિવિધ સંસ્થાઓના કાર્યકરો, શુભેચ્છકો, મિત્રગણ સગાસ્નેહીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી શુભેચ્છાઓ આપી હતી.

### ભાંડુપ જિનાલયે ૬૭મો ધ્વજારોહણ

ભાંડુપ અનંતસિધ્ધિ સંકુલના આદિનાથ જિનાલયની ૬૭મી વર્ષગાંઠ પ્રસંગે પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા. અને પૂ. સાધ્વીજી મ.સા. તથા યતિશ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં તા.૩૧-૫ના ધ્વજામહોત્સવ ઉજવાયો. આ ધ્વજાનો લાભ શ્રી લહેરચંદ વેલજી મૈશેરી પરિવાર (લાલા-ભાંડુપ)એ ૧૯૦૬૭ મણમાં લીધેલ.

પૂ.આ.શ્રીએ સંઘને ગચ્છ-જ્ઞાતિ ઈતિહાસ સહ પ્રેરણા-માર્ગદર્શન કરેલ. આ પ્રસંગે જ્ઞાતિના અગ્રણીઓ, મહાજનશ્રી અને ટ્રસ્ટબોર્ડની ટીમ તથા ભાવિકો બહોળી સંખ્યામાં પધારેલ. આ નિમિતે સંઘજમણ હતું.

પૂજ્યશ્રીએ માર્ગદર્શન કરેલ કે આપણાં દરેક અચલગચ્છીય સંઘો-દેરાસરોમાં વિવિધ પ્રસંગે અન્ય પુજાઓ નહીં પણ પૂ. મેઘરાજ મુનિકૃત વિવિધ પુજા-અનુષ્ઠાન ભણાવવા આગ્રહ રાખઓ અને પુજન અનુષ્ઠાનમાં ધરાવાતા ફળ-નૈવેદ્ય આદિ જેટલી રકમ જીવદયા ખાતામાં વાપરવા ભલામણ કરેલ જેથી કોઈ શાસ્ત્રોક્ત દોષ આશાતનાથી બચી શકાય.

### પાલીતાણાં જ્ઞાતિબાળાઓની ધર્મસંસ્કાર શિબિર

પાલીતાણા તીર્થની પાવનધરાપર શ્રી નવલસોનરાય શ્રમણી વિહારમાં પૂ. ગુરૂગુણજન્મશતાબ્દી વર્ષે પુ. ગચ્છાધિપતિશ્રી ગુણોદયસાગરસુરીના આજ્ઞા-આશિષે તથા પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરીજીના શુભેચ્છા-આશિષે પુ.સા.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ની દિવ્યકૃપાથી સ્વાધ્યાયપ્રેમી પૂ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા.આ.ઠા.ના પ્રેરણા-માર્ગદર્શને તેમના શિષ્યાઓની શ્રેષ્ઠ જહેમતે જ્ઞાતિની ૯૩ બાળાઓની તા.૧૫ થી ૨૫-૫-૧૨ દરમ્યાન ૧૧ દિવસીય ધર્મ સંસ્કરણ શિબિર શ્રેષ્ઠીશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર (સુથરી-વરલી)ના ઉદાર સૌજન્ય સહયોગે સફળતાપુર્વક પાર પડી. ઉનાળુ વેકેશનમાં ધર્મ-જૈન સંસ્કૃતિ આચાર-વિચાર અને સાંસ્કૃતિક, સામાજિક, વ્યવહારિક કેળવણી અને જ્ઞાન-ગમ્મતની રમતો-સ્પર્ધાઓ સહ ઉપયોગી માર્ગદર્શન કરાયું. સવારના ૫થી રાતના ૧૦ સુધી જીવન પરીવર્તન સંસ્કરણ જ્ઞાન પીરસાયું. ઉગતી બાળાઓને કુટુંબ, સમાજ અને ધર્મ પ્રત્યેની ભાવના વધુ ઉજાગર કરવા સમજણ અપાઈ. બાળાઓને પૂજ્યશ્રી મ.સા.એ ઉપયોગી કેળવણી-પ્રશિક્ષણ આપેલ અને ઉનાળા વેકેશનનો સદુપયોગ કરાવેલ. શિબિરાર્થીઓને જીવન યથાર્થતાનું શાશ્વત ભાતું મળેલ. અને જ્ઞાન-ગમ્મત સહ ઉપયોગી માહિતી મળી. શિબીર દરમ્યાન ગિરીરાજની યાત્રા, પંચતીર્થીદર્શન, ચારિત્ર ઉપકરણ વંદનાવલી તથા ગિરિપૂજન વિ. અનુષ્ઠાનો થયા. શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે લાભાર્થી પરિવાર તરફથી છપાવેલ પંચપ્રતિક્રમણ પુસ્તક વિમોચન વિધિ થયેલ અને દરેકને તેની પ્રભાવના અપાઈ. સાંજે સંધ્યા ભક્તિની મસ્તી અનોખી હતી. કુમારપાલ મહારાજની આરતિનું દશ્ય અલૌકિક રહ્યું. દર વર્ષે આ પ્રકારે શિબિર યોજવા માંગ ઉભી થઈ. વિજેતાઓને અને ભાગ લેનારા સૌને આકર્ષક ઈનામો અપાયા. સૌના સહકારથી શિબીર સફળ રહી. ગચ્છના સાધુસાધ્વીઓને વંદનાવલી કાર્યક્રમ માણવા લાભ મળ્યો. શિબીર માટે શ્રી કીર્તિભાઈ, અજયભાઈ અને કેરટેકર બહેનોએ સારી જહેમત લીધી. પુરબાઈ ધર્મશાળા અને નરશી નાથા ધર્મ શાળાના સ્ટાફે

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**
(વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

ખડેપગે સેવા આપી. શિબીરાર્થીઓની આવાસ અને ભોજન વ્યવસ્થા ખૂબ સુંદર રહી.

ગુરૂવર્યાશ્રીજીની આજ્ઞાએ પૂ.સા.શ્રી યશોદયશ્રીજી, મુક્તીરત્નાશ્રીજી, નિરાગરત્નાશ્રીજી, સંસ્કારનિધીશ્રીજી, શ્રેયસ્કરાશ્રીજી, હર્ષનિધીશ્રીજી આ.ઠા.એ વિવિધ સંઘોમાં ધર્મ-સંસ્કાર જ્ઞાન શિબિરો-પ્રશિક્ષણ યોજવા પોતાના જ્ઞાન, અનુભવ અને સમયની અનુકુળતાએ ફાળવણી કરવા તૈયારી દર્શાવી છે.

### જૈન કન્યાછાત્રાલય

શ્રી નેમનાથ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત જુનાગઢ છાત્રાલયમાં જૈન દિકરીઓ-બહેનોને ધોરણ ૮થી પોસ્ટ ગ્રેજ્યુએશન સુધી સંસ્થામાં ફ્રી દાખલ કરવામાં આવે છે.

રહેવા-જમવાની અદ્યતન વ્યવસ્થા સાથે પુસ્તકો, યુનિફોર્મ, મેડિકલ ખર્ચ, કોમ્પ્યુટર શિક્ષણ સંસ્થા તરફથી આપવામાં આવે છે.

દાખલ થવા ઇચ્છતી બહેનોએ પ્રવેશ ફોર્મ સંસ્થામાંથી મેળવી અને ભરીને મોકલી આપવા જણાવાયું છે. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાય છે.

### જખૌ તીર્થે જિનાલય વર્ષગાંઠ ઉજવણી

તા.૩૧-૫નાં જખૌ તીર્થની સાલગિરી નિમિતે ધ્વજારોહણ પ્રસંગે વિવિધ સ્થળેથી જખૌવાસીઓ તથા અન્ય જ્ઞાતિજનો પધારતાં ધ્વજા મહોત્સવ સુંદર રીતે ઉજવાયો, વડોદરા, બેલ્લારી, ગાંધીધામ, આદિપુર, મુંબઈ અને કચ્છમાં આસપાસથી ભાવિકો પધાર્યા હતા. આ પ્રસંગે ૧૨૫થી વધુ જણાં ભેગા મળી ધ્વજા પ્રસંગ ઉજવ્યો હતો. શ્રી સોમચંદભાઈ મોમાયા, નવીનભાઈ નાગડા અને ભાવિકોએ સંગીત સરમઝટથી ૧૭ ભેદી પુજા ભાવપુર્વક ભણાવી હતી. ઘૃતમણ ઉછામણી સારી થઈ. ધ્વજારોહણ નિમિતે સંઘજમણનો લાભ લેવાયો.

મહાજનશ્રી દ્વારા ચાતુર્માસ આરાધના ફંડ તથા મહાજનશ્રી જનરલ ફંડ માટે પ્રયત્ન ચાલુ છે. પર્વના ૧૦ દિવસ આરાધના માટે વિવિધ નકરાનો લાભ લેવા જખૌવાસીઓને અપીલ છે. પર્વ ઉજવણીમાં સારી સંખ્યા થશે.

### મુંબઈ મહાજન દ્વારા નિશુલ્ક કોમ્પ્યુટર તાલીમવર્ગ

મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે શિક્ષણ સમિતિ દ્વારા જ્ઞાતિજનો માટે કોઈપણ શિક્ષણ કે ઉમરબાધ વિના બે બેચમાં નિઃશુલ્ક કમ્પ્યુટર પ્રશિક્ષણ તાલીમ ભાંડુપ સ્ટેશન પાસે ડ્રીમ મોલમાં શ્રી ગુલાબભાઈ ધરમશીની ઓફિસે આપવા વ્યવસ્થા ગોઠવાઈ છે. કોમ્પ્યુટરની બેઝીક તાલીમ લેવા જ્ઞાતિજનોએ વહેલો તે પહેલોના ધોરણે રૂા.૫૦૦ની રીફંડેબલ ડીપોઝીટ ભરી મહાજનશ્રી કાર્યાલયે નામ નોંધાવવા અપીલ કરાઈ છે. નામ નોંધણી બાદ સમય અનુકુળતા પ્રમાણે બેચ પાડી સુચના અપાશે તે મુજબ આ ઉપયોગી તાલીમવર્ગનો લાભ લેવા અનુરોધ છે. શ્રી ગુલાબભાઈ ધરમશીને ઓફિસે કે મહાજન કાર્યાલયે સંપર્ક કરી વધુ માહિતી મેળવી શકાશે.

### જૈન વિદ્યાર્થીઓ માટે "જીતો" દ્વારા ૧૨ છાત્રાલયો

જૈન સમાજની આંતરરાષ્ટ્રીય સંસ્થા જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન" (જીતો) દ્વારા મુંબઈ સહિત દેશભરમાં જૈન વિદ્યાર્થીઓ માટે ૧૨ છાત્રાલયો બાંધશે. સંસ્થા દ્વારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને આર્થિક સહયોગ આપશે. જૈન વિદ્યાર્થીઓને મદદ કરવા સંસ્થાએ ચાર કરોડ રૂપિયાનું ભંડોળ ઊભું કર્યું છે. આ માહિતી "જીતો"ના પ્રમુખ મોતીલાલ ઓસવાલે આપેલ.

તાજેતરમાં "જીતો"ના ૪૦૦ પ્રતિનિધિઓની બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ યોજનાઓને આખરી સ્વરૂપ અપાયું. છાત્રાલયના પ્રોજેક્ટનું કામ પ્રદીપ રાઠોડ સંભાળી રહ્યા છે. "જીતો"ના પ્રતિનિધિઓને એકસૂત્રે બાંધી રાખવા જીતોનું વેબ પોર્ટલ પણ લોન્ચ કરાયું છે.

૧૨ છાત્રાલયોમાંથી બે મુંબઈમાં બનાવાશે અને નાશિક, પુણે, ઔરંગાબાદ, બેંગલોર, હૈદરાબાદ, જોધપુર, અમદાવાદ અને કોલકાતા જેવાં મોટાં શહેરોમાં પણ છાત્રાલય બનાવાશે. "જીતો"ની ટીમ દ્વારા વિદ્યાર્થીઓ અને જૈન સમાજના વિકાસની યોજનાઓ અમલમાં મુકાશે.

### બાંધણી કલા ઉદ્યોગના સંવર્ધન માટે કચ્છીઓનું યોગદાન

બાંધણીની હસ્તકલા કારીગીરી ક્ષેત્રે કચ્છનું નામ દેશ-દેશાવરમાં મશહુર છે. ગરમ શાલ, ચર્મકલા, કાષ્ટકલા, રોગાન, લાખકામ, ખરકીકામ, કચ્છી ભરત-ગૂંથણ, માટીકામ જેવા અનેક જાણીતા કસબ જિલ્લાના ખૂણે-ખૂણે પથરાયેલા છે. કચ્છની ઓળખ સમી બાંધણીની કલા વિદેશી પર્યટકો માટે ભારે આકર્ષણરૂપ બની છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ગૃહઉદ્યોગ બની ગયેલો આ કસબ પાવરપટ્ટીના સુમરાસર (શેખ) ગામે વર્ષો અગાઉ ભારે ફૂલ્લો ફાલ્યો હતો. મુખ્યત્વે ખત્રી કોમની નારીઓના ટેરવે રમતી આ કલા સમયના વહેણ સાથે લુપ્ત થતી નિહાળતા કલાના રક્ષણ માટે ગામનો ખત્રી પુરુષવર્ગ પણ ભારે મથામણ કરી રહ્યો છે.

કચ્છની વૈવિધ્યસભર કલા વારસા પૈકી બાંધણીની કલા ભારે વિશિષ્ટતા ધરાવે છે. કસબ ખૂબ જ ઝીણવટભર્યું અને જહેમત માંગે તેવું છે. કચ્છમાં ભુજ, માંડવી, મુંદરા, અંજાર, ધમડકા, ભડલી, તેરા નલિયા, સુમરાસર, ખાવડામાં આ કલાના ઘર ગણાતા. આ કલા સુમરાસર ગામના ૩૯ ખત્રી પરિવારોમાં ભારે વિસ્તરી હતી, પરંતુ છેલ્લા બે-ત્રણ દાયકાથી આ પરિવારોમાંથી આ કલા ઘસાતી નિહાળી પરિવારના સર્વે પુરુષો ભારે પુરુષાર્થ આદરી તેને સાચવવા સંઘર્ષ કરી રહ્યા છે.

કચ્છના મોટાભાગની હસ્તકલાનો ઉપયોગ જુદી જુદી જાતિના લોકોના પહેરવેશ અને વેશભૂષામાં જ થતો. વિવિધ પરગણામાં પથરાયેલી કચ્છ પ્રદેશમાં વસવાટ કરતી અલગ અલગ કોમના લોકોના પહેરવેશ પ્રમાણે એ વિસ્તારમાં એ જ કસબના કસબીઓનું વર્ચસ્વ જોવા મળતું. કચ્છના મોટા રણને અડીને આવેલા પાવરપટ્ટી આહીરપટ્ટી, પચ્છમ અને બન્ની વિસ્તારના આહીર, સિંધી, હરિજન, જત વગેરે કોમના પહેરમણમાં બાંધણીનો બહોળો ઉપયોગ હોઈ પંથકના સુમરાસર, ઢોરી અને ખાવડાના ખત્રી કારીગરોની હથરોટી હેઠળ બનતી બાંધણીની વિવિધ બનાવટોની ભારે માંગ રહેતી. ખાસ કરીને આહીર કોમની મહિલાના પેંણા, સિંધી મહિલાઓના પડા, ખોંભી, સાડી પુતારા, દુપટ્ટા જેવા બાંધણીના જીણાં બંધથી સુશોભિત વસ્ત્રો માટે આ કારીગરો ભારે જાણીતા અને માનીતા હતા. સમયના વહેણ સાથે આ જાતિઓમાં પરંપરાગત પહેરવેશમાં પણ થોડા-ઘણા અંશે બદલાવ આવતાં આ કસબનું મહત્ત્વ ઓસરતાં હાલ આ કસબના કસબીઓ અન્ય વ્યવસાય તરફ વળ્યાં છે.

સામાન્યરીતે બહેનોની જહેમતે ગુંથાતી, રચાતી આ બાંધણીઓ માટે પુરૂષ કલાકારો પણ મેદાને પડ્યા છે.

## દાદાગુરૂ સ્મૃતિ જનજાગરણ યાત્રા

દાદાગુરૂ પૂ.આ.શ્રી આર્યરક્ષિતસુરીજીના નવમ શતાબ્દિવર્ષ તથા પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસુરીજીનું જન્મશતાબ્દિ વર્ષ ઉજવણી નિમિતે દેશભરના વિવિધ સંઘોમાં વિવિધ પ્રકારે આર્ય-ગુણ સ્મૃતિ અર્થે કાર્યક્રમો-અનુષ્ઠાનો ઉજવાઈ રહ્યા છે.


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


પૂ.અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસુરીજી અને યુવાચાર્ય શ્રી કલાપ્રભસાગરસુરીજીનાં પ્રેરણા-માર્ગદર્શને પૂ.આચાર્યોશ્રીના ગચ્છ વિકાસ માટેના ઉપકારી કાર્યો અને યોગદાનને યાદ કરાઈ રહ્યું છે. દેશભરમાં ગચ્છ પ્રતિભા અને ગૌરવ વધારવા જનજાગરણ રથયાત્રાઓ કાઢી પ્રસાર-પ્રચાર કરાશે. શ્રી આર્ય-ગુણ ધર્મ સંરક્ષક સંઘના ઉપક્રમે એ માટે વિશાળપાયે આયોજન થઈ રહ્યું છે.

## શ્રી શેત્રુંજય મુક્તિ સમ્યકજ્ઞાન અભ્યાસક્રમ

આ જૈનોલોજી કોર્સના પ્રવેશફોર્મ દરેક સ્થળો માટેની છેલ્લી તા.૧૫-૬-૨૦૧૨ છે. એ પછી ફોર્મ સ્વીકારાશે નહીં.

## અગત્યની સુચના

### *પાસ થયાના સમાચાર*

*જ્ઞાતિ વિદ્યાર્થીઓ જે SSC, HSC કે ઉચ્ચ કક્ષાએ ઉતીર્ણ થયા હોય તેમના નામ, હાલનું ગામ, કોર્સ ટકાવારી અને ૬૫% કે તેથી વિશેષ સિધ્ધિ મેળવી હોય તો ફોટા મોકલવા વિનંતી છે.*

### *લેખકોને આમંત્રણ*

*પ્રકાશ સમીક્ષા સાપ્તાહિક માટે આપના વિસ્તારના જ્ઞાતિ સમાચાર, માહિતી, જ્ઞાતિ ઉપયોગી લેખ-કાવ્યો, જ્ઞાતિપ્રવૃતિઓની સમીક્ષાના ચર્ચાપત્રો, જીવનચક્રની માહિતી, ઐતિહાસિક ગૌરવ લેખો વગેરે જરૂર લખી મોકલો.*

### *વાર્ષિક લવાજમ*

*જ્ઞાતિપત્ર પ્ર.સ.નું વહીવટી નાણાકીય વર્ષ એપ્રીલથી શરૂ થાય છે. આપનું વાર્ષિક લવાજમ રૂ ા.૫૦/- કાર્યાલયે કે માનદ પ્રતિનિધિઓ પાસે યાદ કરી ભરી લેવા વિનંતી.*

### *સરનામા ફેરફાર*

*આપના સરનામા બદલાય ત્યારે નવું સરનામું મોકલવા સાથે જુનું સરનામું રદ કરવા લખી જણાવવું. તમને મળતા અંકના સ્ટીકરમાં કંઈ ફેરફાર હોય તો લેખિત જણાવો.*

*દર સપ્તાહે સોમ કે મંગળવારના ૭૦૦૦ પરિવારોને નિયમિત અંક મોકલાય છે. જો અંક ન મળવા, મોડા મળવા કે અનિયમિત મળતા હોવાની ફરીયાદ હોય તો સ્થાનિક ટપાલ ઓફિસમાં લેખિત ફરીયાદ નોંધાવી અમને તેની નકલ મોકલો.*

*આપના સુચન હમેશા આવકાર્ય છે.*

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**હિરાચંદ ડુંગરશી દંડ** ૩૦૬, સ્વર્ણનગરી એપાર્ટમેન્ટ, ટાઉનહોલ પાસે, જય ચામરાજ નગર, હુબલી-૫૮૦૦૨૦
**વિજય ડી. મૈશેરી** એ૧૦, હીમરેશા એપાર્ટમેન્ટ, ગુપ્તાનિવાસ કંપાઉન્ડ, વી.પી. રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦
**રતનબાઈ હિરાચંદ પોલડીયા** શિવજી તેજપાલ કંપાઉંડ, પોલીસ ગ્રાઉંડ પાસે, સ્ટેશન રોડ, ચાલીસગામ-૪૨૪૧૦૧
**જિતેન્દ્ર ઉમરશી લાલકા** અચલગચ્છ સોસાયટી, સર્વે નં.૨, પ્લોટ નં.૩/૪ એ, ગ્રાઉન્ડ ફ્લોર, મહાવીરનગર, અંતરજાળ (આદિપુર)-૩૭૦૨૦૫
**ગુલાબચંદ વેરશી પોલડીયા** ૩૦૧, સિધ્ધિવિનાયક, ઝવેર રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦ ફોનઃ 9323082228/9833226350

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

ધનરાજ વેલજી પોલડીયા (મુલુન્ડ) ૯૮૨૦૬૯૮૩૭૩૩ મધુ ધનરાજ પોલડીયા (મુલુન્ડ) ૯૫૯૪૭૫૬૭૬૭
તેજસ ધનરાજ પોલડીયા (મુલુન્ડ) ૯૮૩૩૩૧૨૨૦૮ અજય ગુલાબચંદ પોલડીયા (મુલુન્ડ) ૯૬૧૯૨૦૩૨૨૬

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯-૫-૧૨ | કોચીન | RYMT011003 | કુનાલ ભરત ગોવિંદજી મોતા | રાયધણજર | ૩૦ |
| | ઘાટકોપર | SUMO010303 | ગ્રેષ્મા ભરત હંસરાજ મોમાયા | સુથરી | ૨૫ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| -૫-૧૨ | ડોંબિવલી | A | પ્રગ્નેશ શાંતિલાલ રામદાસ ઠક્કર | કોઠારા | ૨૫ |
| | ડોંબિવલી | KRLO140203 | હેતલ જીતેન્દ્ર રાયચંદ લોડાયા | કોઠારા | ૨૧ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧-૫-૧૨ | હૈદ્રાબાદ | VKSO020604 | મનિષકુમાર નવિનચંદ્ર દેવજી સોની | વાંકુ | ૨૫ |
| ૨૩-૫-૧૨ | વિક્રોલી | SUDU070101 | ખેતશી દામજી માલશી ધુલ્લા | સુથરી | ૯૯ |
| ૨૪-૫-૧૨ | કોચીન | DFLA010401 | જવાહર ખીમજી ઘેલાભાઈ લાલકા | ધ્રાફા | ૬૬ |
| ૨૮-૫-૧૨ | યવતમાલ | NADH011802 | ચંપાબાઈ વાલજી શામજી ધરમશી | નલીયા | ૮૬ |
| ૨૮-૫-૧૨ | દહિસર | RYMT011102 | જયવંતીબાઈ ચીમનલાલ દામજી મોતા | રાયધણજર | ૭૭ |
| ૨૯-૫-૧૨ | ઘાટકોપર | VVLO | ચેતના લલીત કેશવજી લોડાયા | વારાપધ્ધર | ૫૪ |




# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી મણીલાલ પ્રેમજી ખેતશી દંડ

(લાલા-મુંબઈ)

જીવનયાત્રા : ૨૫-૯-૧૯૨૭ થી ૩-૪-૨૦૧૨

Those we love don't go away,
they walk beside us every day,
unseen, unheard, but always near,
still loved , still missed and very Dear...

**આપના સ્મરણમાં...**

પુત્ર, પુત્રવધુ અને પૌત્રી : જયેશ, અપર્ણા અને શિવાની
દિકરી-જમાઈ : શોભા અને કિરીટ
દોહિત્ર-દોહિત્રવધુ : હર્ષલ અને પુજા
દોહિત્રી અને દોહિત્રીવર : હિરલ અને રેની
એવમ
સર્વે સગા સંબંધીઓ હિતેચ્છુઓ અને
શા. પ્રેમજી ખેતશી દંડ સમસ્ત પરિવાર
શા. વીશનજી ત્રીકમજી લોડાયા સમસ્ત પરિવાર

નિવાસ : એ-૨૧ શિલ્પા, ૧૯ આઝાદ રોડ, અંધેરી (ઇ.), મુંબઈ-૪૦૦૦૬૯.
મો. 80973 94675 / 98673 25442

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

*It's been four years now ...*
*not in our midst to celebrate,*
*but always in our hearts!*



# Shri Hirachand Jivraj Maheshwari

*July 1942 – June 2008*

A golden heart stopped beating,
two smiling eyes closed forever.

God broke our hearts
to prove he only takes the best.

Farewells were left unspoken,
you gently slipped away

Leaving many happy memories
that will never fade away

*Kalpana Hirachand Maheshwari*
*Family & Friends*

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**